# દેતાં શીખો

[ દાન ધર્મનું સ્વરૂપ ]

卐

ધર્મબોધ ગ્રંથમાળા

પુષ્પ : ૧૦ :

ધર્મબોધ ગ્રંથમાળા–પુષ્પ દસમું

# દેતાં શીખો

## [ 'દાન' ધર્મનું સ્વરૂપ ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ

: પ્રકાશક :

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી–લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ–વડોદરા.

: પ્રકાશક :
મુક્તિકમલ જૈન મોહનગ્રંથમાળા
રાવપુરા, મહાજન પોળ-વડોદરા.

આવૃત્તિ પહેલી.

પહેલી વાર

**દસ આના**

વિ. સં. ૨૦૦૮ વસંતપંચમી.

: મુદ્રક :
શા. ગુલાબચંદ લલ્લુભાઇ
શ્રી મહોદય પ્રીં. પ્રેસ-ભાવનગર.

# આભાર–દર્શન

ગામ સમઢીયાળાના વતની ધર્મશ્રદ્ધાળુ શ્રેષ્ઠીવર્ય શ્રી હરિદાસ માણેકચંદે બહેન શ્રી પુષ્પાના સ્મરણાર્થે આ ગ્રન્થમાળાનું પ્રકાશન સસ્તું રાખવામાં જનારી ખોટમાં આપેલી સહાય બદલ તેમનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

—પ્રકાશક

# વિષયાનુક્રમ


૧. દાનનો મહિમા.

| | | |
|---|---|---|
| (૧) | જગત દાનવડે જ ચાલી રહ્યું છે. | ૧ |
| (૨) | દાન કોઇ ઠેકાણે નિષ્ફળ નથી જ. | ૧ |
| (૩) | દાનધર્મને અનુસરવાની જરૂર. | ૨ |
| (૪) | કવિઓનું કથન. | ૨ |
| (૫) | નીતિકારોનો મત. | ૫ |
| (૬) | વિદ્યાપતિનું દૃષ્ટાંત. | ૯ |
| (૭) | સો પ્રકારના મૂર્ખ. | ૧૨ |
| (૮) | કૃપણતા અને કરકસર. | ૨૦ |
| (૯) | નવી વહુનું દૃષ્ટાંત. | ૨૦ |
| (૧૦) | ચાર ચોરોનું દૃષ્ટાંત. | ૨૨ |
| (૧૧) | શાસ્ત્રકારોનો અભિપ્રાય. | ૨૩ |
| (૧૨) | શાલિભદ્રની કથા. | ૨૪ |

૨. દાનના પ્રકારો.

| | | |
|---|---|---|
| (૧૩) | અભયદાન. | ૩૩ |
| (૧૪) | મેઘરથ રાજાની વાત. | ૩૬ |
| (૧૫) | હાથીએ પાળેલી સસલાની દયા. | ૪૦ |
| (૧૬) | જ્ઞાનદાન. | ૪૫ |
| (૧૭) | વ્યાવહારિક અને પારમાર્થિક જ્ઞાન. | ૪૬ |
| (૧૮) | પારમાર્થિક જ્ઞાન પાળવાની રીત. | ૪૬ |

(૧૯) કેવા ગુરુ પારમાર્થિક જ્ઞાન આપી શકે? ૪૭
(૨૦) પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત કરવાનાં પગથિયાં. ૪૮
(૨૧) અનિષ્ટ જ્ઞાનદાન. ૫૦
(૨૨) મત્સ્યોત્પત્તિ–પ્રબંધ. ૫૦
(૨૩) પારમાર્થિક જ્ઞાનની મુખ્યતા. ૫૨
(૨૪) જ્ઞાનદાનની કેટલીક યોજનાઓ. ૫૩
(૨૫) ઉપષ્ટંભ દાન. ૫૪
(૨૬) સુપાત્ર અને કુપાત્રનો વિચાર. ૫૫
(૨૭) સુપાત્રની વ્યાખ્યા. ૫૫
(૨૮) સુપાત્રની દુર્લભતા. ૫૬
(૨૯) ધન સાર્થવાહની કથા. ૫૭
(૩૦) સુપાત્રને વિષે ભક્તિ રાખવી. ૬૫
(૩૧) અનુકંપાદાન. ૬૬

## ૩. દાનની રીતિ.

(૩૨) કર્તવ્યબુદ્ધિ. ૭૧
(૩૩) ચિત્તની પ્રસન્નતા. ૭૨
(૩૪) ગુપ્તતા. ૭૪
(૩૫) ચિત્તશુદ્ધિ. ૭૫
(૩૬) ઉપસંહાર. ૭૬

: ૧ :

# દાનનો મહિમા

## (૧) જગત્ દાનવડે જ ચાલી રહ્યું છે.

આકાશ પોતાના અનંત અવકાશનું દાન કરતું ક્ષણભર જ અટકી જાય તો શું સ્થિતિ થાય ? તે જ રીતે જો સૂર્ય પોતાની ઉષ્મા આપતો બંધ થાય, ચંદ્ર પોતાની શીતળતા આપવાનું મુલતવી રાખે, પૃથ્વી પોતાનો રસ-કસ આપવાનો ઇનકાર કરે અને પવન, પાણી તથા અગ્નિ કોઈને કંઈ પણ આપતાં અટકી જાય તો તેનું પરિણામ શું આવે ? તેથી એમ કહેવું સર્વથા સમુચિત છે કે-આ દુનિયા દાન ઉપર ટકેલી છે, આ વિશ્વનો વ્યવહાર દાનવડે જ પ્રવર્તે છે અને આ સચરાચર જગત્ દાનવડે જ ચાલી રહ્યું છે.

## (૨) દાન કોઇ ઠેકાણે નિષ્ફળ નથી.

વળી નીતિ તરીકે પણ દાનનો વ્યવહાર શ્રેષ્ઠ છે, કારણ કે તે કોઈ પણ ઠેકાણે નિષ્ફળ જતું નથી. જો તે સુપાત્રને વિષે અપાયું હોય તો ધર્મનું કારણ બને છે અને અપાત્રને

વિષે અપાયું હોય તો દયાની કીર્તિ વધારે છે. જો તે મિત્રને અપાયું હોય તો પ્રીતિમાં ઉમેરો કરે છે અને શત્રુને અપાયું હોય તો વૈરનો નાશ કરે છે. જો તે સેવકને અપાયું હોય તો તેની સેવાવૃત્તિને ઉત્તેજન કરે છે અને રાજા વગેરેને અપાયું હોય તો તેમના તરફનું સન્માન લાવે છે. વળી તે ભાટ–ચારણ વગેરેને અપાયું હોય તો યશની વૃદ્ધિ કરે છે. આમ સર્વ ઠેકાણે તે કોઇ ને કોઇ પ્રકારનું ફળ બતાવે છે.

## (૩) દાન ધર્મને અનુસરવાની જરૂર.

દાનનો સુવ્યવહાર ભૂલાવાનું જ એ પરિણામ છે કે–દુનિયા આજે સામ્યવાદ તરફ ઢળી રહી છે, અને દ્વેષ, ઈર્ષ્યા તથા હિંસાની વૃત્તિને ઉત્તેજન મળી રહ્યું છે. દાનનો સુવ્યવહાર ભૂલાવાનું જ એ પરિણામ છે કે–સમાજ આજે વિષમ સ્થિતિમાં મૂકાઈ ગયો છે અને કંગાલિયત, બેકારી તથા દીન–હીન દશા નજરે પડે છે. દાનનો સુવ્યવહાર ભૂલાવાનું જ એ પરિણામ છે કે–મનુષ્ય આજે મુફલીસ દેખાય છે અને ઉદારતા, સૌજન્ય, વિવેક વગેરે પાંગળાં બની ગયાં છે. તેથી દુનિયાને હિંસક સામ્યવાદ તરફ ઢળતાં અટકાવવી હોય, સમાજમાં સ્થિરતા આણવી હોય અને વ્યક્તિ માત્રમાં સદ્ગુણોનો વિકાસ કરવો હોય તો દાનધર્મને અનુસરવાની જરૂર છે.

## (૪) કવિઓનું કથન.

મનુષ્યમાં દાન ધર્મના સંસ્કારો જ્વલંત રાખવા માટે જ કવિઓએ કહ્યું છે કે—

"जीवति स जीवलोके यस्य, गृहाद्यान्ति नार्थिनो विमुखाः ।
मृतकवदन्यजनोऽसौ, दिनानि पूरयति कालस्य ॥"

'તે જ મનુષ્ય આ સંસારમાં જીવતો છે કે જેના ગૃહે આવેલા અર્થીજનો નિરાશ થઇને પાછા જતા નથી, બાકીના તો ધમણની માફક માત્ર કાલના દિવસો પૂરવાને જ જીવે છે અર્થાત્ તે જીવતા છતાં મરેલા જ છે.'

" प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः,
प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः ।
अनुत्सेको लक्ष्म्या निरभिभवसाराः परकथाः,
श्रुते चासंतोषः कथमनभिजाते निवसति ? ॥"

'ગુપ્ત રીતે દાન આપવું, ઘેર આવેલાનું સ્વાગત કરવું, કોઇનું ભલું કરીને મૌન ધારણ કરવું, કોઇએ પોતાના ઉપર ઉપકાર કર્યો હોય તે પાંચ સરખા માણસની વચ્ચે કહી બતાવવો, લક્ષ્મીનું અભિમાન કરવું નહિ અને જ્ઞાનપ્રાપ્તિમાં અસંતોષ રાખવો. આટલાં વાનાં ખાનદાન વિના બીજે કયાં વસે ? અર્થાત્ ખાનદાન મનુષ્યનાં આ લક્ષણો છે.'

" पिबन्ति नद्यः स्वयमेव नाम्भः,
स्वादन्ति न स्वादुफलानि वृक्षाः ।
पयोमुचां किं क्वचिदस्ति शस्यं ?
परोपकाराय सतां विभूतयः ॥"

' નદીઓ પોતે પાણી પીતી નથી, વૃક્ષો પોતે સ્વાદુ ફલો

ખાતા નથી, વાદળાંઓ પોતે ધાન્યના માલિક થતાં નથી. એટલે સત્પુરુષોની સમૃદ્ધિ પરોપકારને માટે જ છે.'

લૌકિક કવિઓએ કહ્યું છેઃ

**શક્તિ છતાં પણ અવરનાં, દુઃખ ન ટાળે જેહ;**
**શરદ ઋતુના મેઘ શા, ફોગટ ગાજે તેહ.**

'લક્ષ્મી પૂરતા પ્રમાણમાં હોવા છતાં જે મનુષ્યો અન્યના દુઃખો ટાળતા નથી, તે શરદઋતુના મેઘ જેવા માત્ર આડંબરી છે કે જે ગાજવા છતાં વરસતો નથી.'

**જનની! જણ તો ભકત જણ, કાં દાંતા કાં શૂર;**
**નહિં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.**

હે માતા! જો તું જન્મ જ આપે તો એવા પુત્રને જન્મજે કે જે ભગવાનનો ભકત હોય અથવા પોતાની લક્ષ્મીનું યથેચ્છ દાન કરનારો હોય અથવા શત્રુ સાથે વીરતાથી ઝઝુમનારો હોય; પરંતુ કામી, કૃપણ કે કાયરને જન્મ આપીશ નહિ; કારણ કે તેવા પુત્રને જન્મ આપવો એ માત્ર શરીરનાં નૂરને ગુમાવવા જેવું છે. એના કરતાં તો વાંઝિયા રહેવું અતિ ઉત્તમ.

**મેમાનોને માન, દલ ભરી દીધાં નહિ,**
**તે નરને જાણવા હેવાન, સાચું સોરઠિયો ભણે.**

સોરઠનો કવિ કોઈની શરમ રાખ્યા વિના સાચેસાચું કહી દે છે કે-જે મનુષ્યો પોતાના ઘેર આવેલા મહેમાનોનો યોગ્ય આદર-સત્કાર કરતા નથી, તે મનુષ્યો નહિ પણ હેવાન

છે. તાત્પર્ય કે–ઘેર આવેલા કોઈ પણ મનુષ્યનો યોગ્ય સત્કાર કરવો અને તેને જોઈતી ચીજ–વસ્તુઓ આપવી એ પ્રત્યેક મનુષ્યનું કર્ત્તવ્ય છે.

કરમાં પહેરે કડાં, પણ કર પર કર મેલે નહિ.
એ માણસ નહિ મડાં, સાચું સોરઠિયો ભણે.

સોરઠનો કવિ કોઇની શેહમાં તણાયા વિના સાચેસાચું કહી દે છે કે–જે મનુષ્યો પોતાના હાથમાં સોનાના વેઢ, વીંટી ને કડાં પહેરે છે, પણ કોઇ દીન–દુઃખીના કર પર પોતાનો કર મૂકતા નથી અર્થાત્ તેમને કંઇ પણ આપતા નથી, તે મનુષ્યો નહિ પણ જીવતાં મડદાં જ છે.

## ( ૫ ) નીતિકારોનો મત—

વ્યવહાર–વિચક્ષણ નીતિકારોએ કહ્યું છે કે—

" दातव्यं भोक्तव्यं सति, विभवे सञ्चयो न कर्त्तव्यः ।
पश्येह मधुकरीणां, सञ्चितमर्थं हरन्त्यन्ये ॥ "

જો તમારી પાસે પાંચ પૈસાનો વધારો હોય તો તેનાથી દાન દેજો કે તેને તમારા પોતાના ઉપયોગમાં લેજો, પણ તેનો સંચય કરશો નહિ; કારણ કે એ રીતે સંચિત કરેલો પૈસો ચોરોવડે ચોરાઇ જાય છે, લૂંટારાઓવડે લૂંટાઈ જાય છે અને રાજાઓવડે હરાઇ જાય છે. આ કુદરતનો ન્યાય છે અને તે સર્વત્ર એક સરખો નજરે પડે છે. જુઓ કે મધમાખી મધનો સંચય કરે છે, પણ તે કોઇને આપતી નથી કે પોતાના ઉપયોગમાં લેતી નથી, તો તેનું બધું મધ એક દિવસ વાઘરીવડે હરાઇ જાય છે.

" संग्रहैकपरः प्राप, समुद्रोऽपि रसातलम् ।
दाता तु जलदः पश्य, भुवनोपरि गर्जति ॥ "

સંગ્રહ કરનાર અને દાતાર વચ્ચેનો તફાવત જુઓ. સમુદ્ર મહાન્ છે પણ સંગ્રહ કરે છે, તેથી તે રસાતલમાં ગયો છે અને મેઘ સામાન્ય છે, પણ જગત્‌ને જલનું દાન કરે છે તો બધા મનુષ્યને માથે ચડીને ગાજે છે. એટલે સંગ્રહ કરનારો છેલ્લી પાયરીએ બેસે છે અને દાન કરનારો સહુના સત્કારને પાત્ર થાય છે.

" संपूर्णोऽपि सुवृत्तोऽपि, स्याददानादधो घटः ।
लघुः कुब्जोऽपि काणोऽपि, दानादुपरि कर्करः ॥ "

જો કોઈ એમ માનતું હોય કે અમે સંપૂર્ણ છીએ અને સુવૃત્ત ( ખાનદાન ) છીએ માટે અમારું સ્થાન આગળ પડતું હોવું જોઇએ તો તે સદંતર ખોટું છે, કારણ કે ઘડો સંપૂર્ણ છે અને સુવૃત્ત ( સુંદર આકારનો ) પણ છે, છતાં કોઇને દાન આપતો નથી-દાન આપવામાં ઉપયોગી થતો નથી તેથી તે નીચે પડયો રહે છે અને કોડિયું નાનકડું હોય છે, બેડોળ હોય છે અને વખતે કાણું પણ હોય છે છતાં દાન આપે છે, દાન આપવાના કામમાં આવે છે, તો તે ઘડાની ઉપર મૂકાય છે; માટે ઉચ્ચ સ્થાને બિરાજવું હોય તો કંઇ પણ **દેતાં શીખો.**

" उत्तमोऽप्रार्थितो दत्ते, मध्यमः प्रार्थितः पुनः ।
याचकैर्याच्यमानोऽपि, दत्ते न त्वधमाधमः ॥ "

ઉત્તમ પુરુષ વગર માગ્યે આપે છે, મધ્યમ પુરુષ માગવાથી

આપે છે અને અધમ પુરુષ યાચકોએ માગવા છતાં પણ આપતો નથી. એટલે પોતાનું કર્ત્તવ્ય સમજીને દેવું તે ઉત્તમ છે, કોઇના દબાણુથી કે કોઇની શરમથી દેવું તે મધ્યમ છે અને કોઈ પણ રીતે દેવું જ નહિ તે અધમ છે.

> " यो नात्मने न गुरवे न च बान्धवाय,
> दाने दयां न कुरुते न च भृत्यवर्गे ।
> किं तस्य जीवितफलं हि मनुष्यलोके,
> काकोऽपि जीवति चिरं च सुखं च भुङ्क्ते ॥ "

જે પુરુષ પોતાની લક્ષ્મીનો ઉપયોગ જાત માટે કરતો નથી એટલે કે તેના વડે સારાં ખાનપાન, જરૂરી વસ્ત્રાભૂષણ, યોગ્ય સાધનો અને આવશ્યક શિક્ષણ પ્રાપ્ત કરતો નથી; ગુરુવર્ગ એટલે માતા, પિતા, વડીલ, વિદ્યાગુરુ અને કલાગુરુને માટે પણ વ્યય કરતો નથી; બંધુઓ એટલે ભાઇ, બહેન, ભત્રીજા, ભાણેજ વગેરે નજીકનાં સગાઓને માટે પણ કરતો નથી; તેમ જ તેના વડે કોઈ દીન-દુઃખીનો ઉદ્ધાર કરતો નથી કે પોતાની સતત સેવા કરનાર સેવકોનું દાળદર પણ ફેડતો નથી, તેના જીવ્યાનું આ જગતમાં ફળ શું ? જો લાંબું જીવવું અને પોતાનું પેટ ભરવું એ જ મનુષ્ય જીવનનો અર્થ હોય તો કાગડો પણ તેવું ક્યાં નથી કરતો ? તે ઘણું જીવે છે અને સુખેથી ખાય છે, માટે મનુષ્ય જીવનના મહાન્ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને એવું જીવન જીવવું કે જેથી સ્વપરનો ઉપકાર થાય.

જે મનુષ્યો કૃપણુતાની કાલીમાથી છવાયેલા છે અને કોઇને

કંઈ પણ દેવામાં સમજ્યા જ નથી, તેમને ઉદ્દેશીને તેઓ કહે છે કે—

" दानं भोगो नाशस्तिस्रो, गतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते, तस्य तृतीया गतिर्भवति ॥ "

'ઓ કૃપણો ! તમે કાન સરવા કરીને સાંભળો કે–આ વિશ્વમાં ધન, દોલત, સંપત્તિ, લક્ષ્મી કે વિત્તની અવસ્થા ત્રણ પ્રકારની છેઃ દાન, ભોગ અને નાશ. એટલે જે દેતો નથી કે ભોગવતો નથી તેના વિત્તની ત્રીજી અવસ્થા થાય છે, અર્થાત્ તેનો નાશ અવશ્ય નિર્માયેલો છે.'

જેઓ લક્ષ્મીનો ઉપયોગ માત્ર પોતાના મોજશોખ માટે જ કરે છે પણ કોઈને દાન દેવામાં કરતા નથી, તેમને તેઓ સંભળાવે છેઃ

" प्रदत्तस्य प्रभुक्तस्य, दृश्यते महदन्तरम् ।
दत्तं श्रेयांसि संसूते, विष्ठा भवति भक्षितम् ॥ "

ઓ મહાનુભાવો ! ખૂબ દેવામાં અને ખૂબ ખાવામાં આકાશ–પાતાળ જેટલું અંતર છે અથવા રાણી–દાસી જેટલો તફાવત છે; કારણ કે ખૂબ દીધેલું કલ્યાણની પરંપરાને જન્મ આપે છે, જ્યારે ખૂબ ખાધેલું થોડા વખત પછી જ વિષ્ઠારૂપ બની જાય છે; માટે અંગત મોજશોખ ઓછા કરો અને કોઈકને કંઈ પણ દેતાં શીખો. જેઓ એમ માને છે કે–અમારી સંપત્તિ એ અમારી બુદ્ધિ કે ચતુરાઈનું ફળ છે અને તેથી તે ગમે ત્યારે અને ગમે તેટલા પ્રમાણમાં મેળવી શકીએ છીએ, તેમનો ભ્રમ ભાંગવા તેઓ કહે છેઃ

**પુણ્ય વિવેક પ્રભાવથી, નિશ્ચય લક્ષ્મી નિવાસ;**
**જ્યાં લગી તેલ પ્રદીપમાં, ત્યાં લગી જ્યોતિ પ્રકાશ.**

ઓ શાણાઓ ! તમને ધન-દોલતની જે પ્રાપ્તિ થઇ છે, તે નિશ્ચયપૂર્વક, પુણ્ય અને વિવેકના પ્રભાવથી જ થઈ છે, માટે તેનાવડે પુણ્ય અને વિવેકની વૃદ્ધિ થાય તેવું જ કંઇક કરો. દીવાની જ્યોતિનો પ્રકાશ ત્યાં સુધી જ ટકે છે કે જ્યાં સુધી તેની અંદર તેલનો સંગ્રહ રહેલો હોય છે. એ તેલનો સંગ્રહ ખૂટ્યો કે પ્રકાશ બંધ. અર્થાત્ તમારા પુણ્યનો ભોગવટો પૂરો થતાં જ લક્ષ્મી તમને સલામ ભરીને ચાલતી થવાની, માટે તે વિદાય થાય તે પહેલાં એવાં પુણ્યનાં કામ કરી લ્યો કે તેને બીજે જવાનું મન જ ન થાય. આ વિષયમાં વિદ્યાપતિનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે.

## ( ૬ ) વિદ્યાપતિનું દૃષ્ટાંત.

વિદ્યાપતિ નામે એક શેઠ ઘણો ધનવાન-લક્ષ્મીવાન હતો. તેને એક દિવસ લક્ષ્મીએ સ્વપ્નમાં કહ્યું કે-'હે ભદ્ર! હું આજથી દશમે દિવસે તારા ઘરમાંથી નીકળી જવાની છું.' એટલે વિદ્યાપતિએ પોતાની સ્ત્રીની સલાહ લીધી કે 'હવે આપણે શું કરવું?' સ્ત્રીએ કહ્યું: 'એમાં વિચારવા જેવું શું છે? જો લક્ષ્મી જવાની જ હોય તો તેનાથી થાય તેટલું સુકૃત કરી લ્યો. કહ્યું છે કે—

**" पश्चाद्दत्तं परैर्दत्तं, लभ्यते वा न लभ्यते ।**
**स्वहस्तेन च यद्दत्तं, लभ्यते तत्र न संशयः ॥ "**

'પાછળથી દેવાયેલું કે બીજાવડે દેવાયેલું પમાય કે ન

પણ પમાય; પરંતુ જે સ્વહસ્તે દેવાયેલું છે તે અવશ્ય પમાય છે, અર્થાત્ તે કદાપિ પણ નિષ્ફળ જતું નથી.'

ત્યારે શેઠે પૂછયું કે 'આ ધન કઇ રીતે વાપરીશું?' શેઠાણીએ કહ્યું: 'જિનમંદિર, જિનમૂર્તિ, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સાત ક્ષેત્રમાં વાપરેલું ધન અનંતગણા ફળવાળું થાય છે.' એટલે વિદ્યાપતિ શેઠે તે જ દિવસે એ સાતે ક્ષેત્રમાં ધન વાપરી નાખ્યું અને પોતે ગુરુ પાસે પરિગ્રહનું પ્રમાણ કરીને શાંતિથી સુઇ ગયો. હવે બીજા દિવસે પ્રાતઃકાળમાં ઉઠીને જોયું તો આખું ઘર પહેલાંની માફક જ દ્રવ્યથી ભરેલું જણાયું, એટલે તેણે વધારાનું સઘળું દ્રવ્ય ધર્માદામાં વાપરી નાખ્યું. આવી રીતે નવ દિવસો પસાર થયા અને દશમા દિવસની રાત્રિ આવી પહોંચી ત્યારે લક્ષ્મીએ ફરીને સ્વપ્નમાં કહ્યું કે: 'ભદ્ર! તારા પુણ્યને લીધે હું તારા ઘરમાં જ સ્થિર થઇ છું.' લક્ષ્મીનું આ વચન સાંભળી વિદ્યાપતિએ વિચાર કર્યો કે–'આ તો મારા પરિગ્રહ–પ્રમાણનો ભંગ કરનાર થશે, માટે નગર છોડીને ચાલ્યા જવું. કહ્યું છે કે–'વિષભક્ષણ કરવું, પર્વતના મસ્તકેથી કૂદી પડવું કે આગમાં બળી જવું તે સારું પણ લીધેલા વ્રતનું ખંડન કરવું સારું નહિ.' પછી વિદ્યાપતિ પોતાનું નગર છોડીને બીજા સ્થળે ગયો અને ત્યાં નગર બહારના એક બગીચામાં સૂઈ રહ્યો. હવે બન્યું એવું કે–તે નગરનો રાજા અપુત્રિયો મરણ પામ્યો હતો, એટલે મંત્રીમંડળે હાથણીને શણગારીને તેની સૂંઢમાં સોનાનો કળશ આપ્યો હતો અને તે જેના મસ્તકે ઢોળે તેને જ રાજા બનાવવો એવો નિર્ણય કર્યો હતો. આ હાથણી ફરતી ફરતી

ત્યાં આવી અને તેણે વિદ્યાપતિના માથે કળશ ઢોળ્યો. આથી મંત્રીમંડળે તેનો રાજા તરીકે સ્વીકાર કર્યો અને પ્રજાએ પણ તેમાં સંમતિ આપી. આ રીતે પુણ્યના પ્રભાવથી વિદ્યાપતિ તે નગરનો રાજા થયો. અનુભવી પુરુષોએ સાચું જ કહ્યું છે કે—

" आरोग्यभाग्याभ्युदयप्रभुत्वं,
सत्त्वं शरीरे च जने महत्त्वम् ।
तत्त्वं च चित्ते सदने च संपत्
संपद्यते पुण्यवशेन पुंसाम् ॥ "

પુરુષોને સાત વસ્તુઓ પુણ્યથી જ પ્રાપ્ત થાય છે. (૧) આરોગ્ય, (૨) ભાગ્યોદય, (૩) ઠકુરાઈ–રાજ્યપદ, (૪) શરીરમાં બળ, (૫) લોકોમાં મહત્ત્વ, (૬) તત્ત્વબોધ અને (૭) ઘરમાં સંપત્તિ.

અથવા—

" आरोग्यं सौभाग्यं धनाढ्यता नायकत्वमानन्दः ।
कृतपुण्यस्य स्यादिह, सदा जयो वाञ्छितावाप्तिः ॥ "

આરોગ્ય, સૌભાગ્ય, ધનાઢ્યતા, નાયકપણું, આનંદ, જય અને મનોરથની સિદ્ધિ–આટલાં વાનાં પુણ્યશાળી પુરુષને જ પ્રાપ્ત થાય છે. પછી તે વિદ્યાપતિરાયે પ્રાપ્ત થયેલી રાજ્ય-લક્ષ્મીવડે ઉત્તમ જિનમંદિરો કરાવ્યાં, તેમાં રત્નમય–સુવર્ણ-મય મનોહર જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી, જિનવચનોને ભૂર્જપત્ર–તાડપત્ર વગેરે પર સુંદર રીતે લખાવી તેના ગ્રંથ-ભંડારો બનાવ્યા, વળી મનોહર–વિશાળ પૌષધશાળાઓ બંધાવી

અને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની ઉત્તમ રીતે ભક્તિ કરી; તેમજ હીન-દીનોને પણ અનુકંપાબુદ્ધિથી ઘણું દાન દીધું. આ રીતે દાન કરવાથી ઉત્પન્ન થયેલી પુણ્ય-પરંપરા-વડે તે સદ્ગતિનો અધિકારી થયો અને પાંચમા ભવે મોક્ષ પામ્યો. તાત્પર્ય કે-લક્ષ્મી પુણ્યથી જ પ્રાપ્ત થાય છે અને પુણ્યથી ટકી રહે છે.

કૃપણતાને કાઢ્યા વિના ઉદારતા આવતી નથી; ઉદારતા આવ્યા વિના દાન દેવાતું નથી; અને દાન દેવાયા વિના વ્યવહાર કે ધર્મનું પાલન થતું નથી. તેથી વ્યવહાર અને ધર્મ ઉભયનું પાલન કરવા માટે કૃપણતાને કાઢવાની જરૂર છે. સુજ્ઞજનોએ સો પ્રકારના મૂર્ખો વર્ણવ્યા છે, તેમાં કૃપણ એ અઠ્ઠોતેરમો મૂર્ખ છે.

## (૭) સો પ્રકારના મૂર્ખ

પહેલો મૂર્ખ એ કે જે છતી શક્તિએ ઉદ્યમ ન કરે.

બીજો મૂર્ખ એ કે જે પંડિતોની સભામાં પોતાનાં વખાણ કરે.

ત્રીજો મૂર્ખ એ કે જે ગણિકાના વચનમાં વિશ્વાસ રાખે.

ચોથો મૂર્ખ એ કે જે દંભ તથા આડંબર પર ભરોસો રાખે.

પાંચમો મૂર્ખ એ કે જે જુગારથી ધન મેળવવાની આશા રાખે.

છઠ્ઠો મૂર્ખ એ કે જે ખેતી આદિ લાભના સાધનમાં શંકા રાખે.

સાતમો મૂર્ખ એ કે જે બુદ્ધિ નહિ છતાં મોટું કામ કરવા ધારે.

આઠમો મૂર્ખ એ કે જે વણિક થઇને એકાંતમાં વાસ કરે.

નવમો મૂર્ખ એ કે જે માથે દેવું કરીને ઘરબાર ખરીદે.

દશમો મૂર્ખ એ કે જે વૃદ્ધ થઈને લગ્ન કરે

અગિયારમો મૂર્ખ એ કે જે ગુરુ પાસેથી નહિ ધારેલા ગ્રંથની વ્યાખ્યા કરે.

બારમો મૂર્ખ એ કે જે ખુલ્લી વાત છુપાવવાનો પ્રયત્ન કરે.

તેરમો મૂર્ખ એ કે જે ચંચળ સ્ત્રીનો ભર્તાર થઈ ઈર્ષ્યા રાખે.

ચૌદમો મૂર્ખ એ કે જે સમર્થ શત્રુની શંકા ન રાખે.

પંદરમો મૂર્ખ એ કે જે પ્રથમ ધન આપીને પાછળથી પશ્ચાત્તાપ કરે.

સોળમો મૂર્ખ એ કે જે અભણ છતાં મોટા સ્વરે કવિતા બોલે.

સત્તરમો મૂર્ખ એ કે જે અવસર નહિ છતાં બોલવાનું ચાતુર્ય બતાવે.

અઢારમો મૂર્ખ એ કે જે બોલવાનો અવસર હોય છતાં મૌન રહે.

ઓગણીશમો મૂર્ખ એ કે જે લાભના ટાણે કલહ કરે.

વીશમો મૂર્ખ એ કે જે ભોજનના સમયે ક્રોધ કરે.

એકવીશમો મૂર્ખ એ કે જે મોટા લાભની આશાથી પોતાની પાસેનું ધન વેડફી નાખે.

બાવીશમો મૂર્ખ એ કે જે ક્લિષ્ટ (કોઈ ન સમજે તેવી) ભાષાનો ઉપયોગ કરે.

તેવીશમો મૂર્ખ એ કે જે પુત્રના હાથમાં સર્વ ધન સોંપી દીન થાય

ચોવીશમો મૂર્ખ એ કે જે સ્ત્રીપક્ષના લોકો પાસેથી ધનની યાચના કરે.

પચીશમો મૂર્ખ એ કે જે સ્ત્રીની સાથે ટંટો થવાથી બીજી સ્ત્રી પરણે.

છવીશમો મૂર્ખ એ કે જે પુત્ર ઉપર ક્રોધ કરીને તેનું નુકશાન કરે.

સત્તાવીશમો મૂર્ખ એ કે જે કામી પુરુષો સાથે હરિફાઇ કરી ધન ઉડાવે.

અઠ્ઠાવીશમો મૂર્ખ એ કે જે યાચકોએ કરેલી સ્તુતિથી મનમાં અહંકાર લાવે.

ઓગણત્રીશમો મૂર્ખ એ કે જે પોતાની બુદ્ધિના અહંકારથી અન્યનાં હિતવચનો સાંભળે નહિ.

ત્રીશમો મૂર્ખ એ કે જે 'અમારું કુળ મોટું છે' એવા અભિમાનથી કોઇની ચાકરી કરે નહિ.

એકત્રીશમો મૂર્ખ એ કે જે દુર્લભ એવું દ્રવ્ય આપીને કામભોગ સેવે.

બત્રીશમો મૂર્ખ એ કે જે મૂલ્ય આપીને ખરાબ માર્ગે જાય.

તેત્રીશમો મૂર્ખ એ કે જે લોભી પાસેથી લાભ લેવાનો પ્રયત્ન કરે.

ચોત્રીશમો મૂર્ખ એ કે જે દુષ્ટ અધિકારી પાસેથી ન્યાય મેળવવાની આશા રાખે.

પાંત્રીશમો મૂર્ખ એ કે જે વણિકની પાસેથી સ્નેહને ઇચ્છે.

છત્રીશમો મૂર્ખ એ કે જે ક્રૂરમંત્રીનો ભય ન રાખે.

સાડત્રીશમો મૂર્ખ એ કે જે કૃતઘ્ન પાસેથી ઉપકારના બદલાની આશા રાખે.

ઓગણચાલીશમો મૂર્ખ એ કે જે નીરોગી શરીરે વહેમથી દવા ખાય.

ચાલીશમો મૂર્ખ એ કે જે રોગી છતાં પરેજી ન પાળે.

એકતાલીશમો મૂર્ખ એ કે જે લોભથી સ્વજનને છોડી દે.

બેંતાલીશમો મૂર્ખ એ કે જે મિત્રના મનમાંથી રાગ ઉતરી જાય એવાં વચનો બોલે.

તેંતાલીશમો મૂર્ખ એ કે જે લાભનો અવસર આવ્યે આળસ કરે.

ચુમાલીશમો મૂર્ખ એ કે જે મોટો ઋદ્ધિવંત છતાં કલેશ સહન કરે.

પીસ્તાલીશમો મૂર્ખ એ કે જે જોશીનાં વચનો પર ભરોસો રાખી રાજ્ય કે શ્રીમંતાઇની ઇચ્છા કરે.

છેંતાલીશમો મૂર્ખ એ કે જે મૂર્ખની સાથે મસલત કરે.

સુડતાલીશમો મૂર્ખ એ કે જે દુર્બળને રીબાવવામાં શૂરવીરતા બતાવે.

અડતાલીશમો મૂર્ખ એ કે જે પ્રકટપણે દૂષિત એવી સ્ત્રી પર પ્રેમ રાખે.

ઓગણપચાશમો મૂર્ખ એ કે જે ગુણનો અભ્યાસ કરવામાં રુચિ ન રાખે.

પચાશમો મૂર્ખ એ કે જે બીજાએ સંચિત કરેલું ધન ઉડાવે.

એકાવનમો મૂર્ખ એ કે જે માન રાખી રાજા જેવો ડોળ બતાવે.

બાવનમો મૂર્ખ એ કે જે રાજાદિકની જાહેર નિંદા કરે.

ત્રેપનમો મૂર્ખ એ કે જે દુઃખ આવ્યે દીનતા બતાવે.

ચોપનમો મૂર્ખ એ કે જે સુખ આવ્યે દુઃખના દિવસો ભૂલી જાય.

પંચાવનમો મૂર્ખ એ કે જે થોડા બચાવ માટે ઘણો ખર્ચ કરે.

છપ્પનમો મૂર્ખ એ કે જે પરીક્ષાને અર્થે ઝેર ખાય.

સત્તાવનમો મૂર્ખ એ કે જે કિમિયામાં ધન હોમે.

અઠ્ઠાવનમો મૂર્ખ એ કે જે ક્ષયરોગ છતાં રસાયણ ખાય.

ઓગણસાઠમો મૂર્ખ કે જે મોટાઇનો અહંકાર રાખે.

સાઠમો મૂર્ખ એ કે ક્રોધથી આત્મઘાત કરવા તૈયાર થાય.

એકસઠમો મૂર્ખ એ કે વગર કારણે આમતેમ ભટકતો રહે.

બાસઠમો મૂર્ખ એ કે જે બાણના પ્રહાર થયા છતાં યુદ્ધ જુએ.

ત્રેશઠમો મૂર્ખ એ કે જે મોટા સાથે વિરોધ કરી નુકશાનમાં ઉતરે.

ચોસઠમો મૂર્ખ એ કે જે થોડું ધન છતાં શ્રીમંતનો આડંબર રાખે.

પાંસઠમો મૂર્ખ એ કે જે પંડિત છું એમ સમજી બહુ બકવાટ કરે.

છાસઠમો મૂર્ખ એ કે જે શૂરવીર છું એમ સમજીને કોઈની બીક ન રાખે.

સડસઠમો મૂર્ખ એ કે જે પોતાનાં ઘણાં વખાણ કરી સામાને કંટાળો ઉપજાવે.

અડસઠમો મૂર્ખ એ કે જે હાંસી કરતાં મર્મ વચન બોલે.

ઓગણસીત્તેરમો મૂર્ખ એ કે જે દરિદ્રીના હાથમાં પોતાનું ધન આપે.

સીત્તેરમો મૂર્ખ એ કે જે લાભની અનિશ્ચિતતા છતાં ખર્ચ કરે.

એકોતેરમો મૂર્ખ એ કે જે ખર્ચનો હિસાબ રાખવામાં કંટાળો લાવે.

બોંતેરમો મૂર્ખ એ કે જે નશીબ ઉપર ભરોસો રાખી ઉદ્યમ ન કરે.

તોંતેરમો મૂર્ખ એ કે જે પોતે દરિદ્રી છતાં વાતોમાં વખત ગુમાવે.

ચુમોતેરમો મૂર્ખ એ કે જે વ્યસનમાં આસક્ત થઈ ભોજન કરવાનું ભૂલી જાય.

પંચોતેરમો મૂર્ખ એ કે જે નિર્ગુણી છતાં પોતાના કુળની પ્રશંસા કરે.

છોંતેરમો મૂર્ખ એ કે જે કઠોર સ્વર છતાં ગીતો ગાય.

સત્તોત્તેરમો મૂર્ખ એ કે જે સ્ત્રીના ભયથી યાચકને દાન આપે નહિ.

અઠ્ઠોતેરમો મૂર્ખ એ કે જે કૃપણતા કરે.

ઓગણએંશીમો મૂર્ખ એ કે જે દોષ ખુલ્લા દેખાતા હોય છતાં વખાણ કરે.

એંશીમો મૂર્ખ એ કે જે સભાનું કામ પૂરું થયા વિના વચ્ચેથી ઊઠી જાય.

એકાશીમો મૂર્ખ એ કે જે દૂત થઈ સંદેશો ભૂલી જાય.

બ્યાશીમો મૂર્ખ એ કે જે ખાંસીનો રોગ છતાં ચોરી કરવા જાય.

ત્યાશીમો મૂર્ખ એ કે જે યશને અર્થે રસોડાખર્ચ મોટું રાખે.

ચોરાશીમો મૂર્ખ એ કે જે લોક વખાણ કરે એવી ઈચ્છાથી થોડું જમે.

પંચાશીમો મૂર્ખ એ કે જે થોડી વસ્તુ ઘણી ખાવાની ઈચ્છા રાખે.

છ્યાશીમો મૂર્ખ એ કે જે કપટી અને મીઠાબોલા લોકોની જાળમાં સપડાઇ જાય.

સત્યાશીમો મૂર્ખ એ કે જે વેશ્યાના યારની સાથે કલહ કરે.

અઠ્યાશીમો મૂર્ખ એ કે જે બે જણાની ખાનગી મસલત ચાલતી હોય ત્યાં જઇને ઊભો રહે.

નેવ્યાશીમો મૂર્ખ એ કે જે રાજાની મહેરબાની હંમેશા રહેશે એવી ખાતરી રાખે.

નેવુંમો મૂર્ખ એ કે જે અન્યાયથી આગળ વધવાની ઇચ્છા રાખે.

એકાણુંમો મૂર્ખ એ કે જે ધન પાસે નહિ છતાં ધનથી થનારાં કામોની શરૂઆત કરે.

બાણુંમો મૂર્ખ એ કે જે ગુપ્ત વાત લોકોમાં જાહેર કરે.

ત્રાણુંમો મૂર્ખ એ કે જે યશને અર્થે અજાણ્યુ માણુસનો જામીન થાય.

ચોરાણુંમો મૂર્ખ એ કે જે હિતનાં વચન કહેનારની સાથે વેર કરે.

પંચાણુંમો મૂર્ખ એ કે જે બધા પર ભરોસો રાખે.

છન્નુંમો મૂર્ખ એ કે જે લોકવ્યવહાર ન જાણે.

સત્તાણુંમો મૂર્ખ એ કે જે યાચક થઈ ઊનું જમવાની ટેવ રાખે.

અઠ્ઠાણુંમો મૂર્ખ એ કે જે સાધુ થઇ ક્રિયામાં શિથિલતા બતાવે.

નવાણુંમો મૂર્ખ એ કે જે કુકર્મ કરતાં શરમાય નહિ.

સોમો મૂર્ખ એ કે જે બોલતાં બહુ હસે.

કૃપણુ માટે નીતિકારોએ ઠીક જ કહ્યું છે કેઃ—

" कृपणेन समो दाता, न भूतो न भविष्यति ।
अस्पृशन्नेव वित्तानि, यः परेभ्यः प्रयच्छति ॥ "

કૃપણુના જેવો દાતાર થયો નથી અને થશે પણુ નહિ કે જે પોતાના ધનને સ્પર્શ પણુ કર્યા વિના બીજાને આપી દે છે. અર્થાત્ કૃપણુ માણુસ પોતાનું ધન પોતાના હાથે જરાપણુ વાપરી શકતો નથી. એ તો આખરે બીજા દ્વારા જ લૂંટાઇ જાય છે.

" अतिसञ्चयकर्तॄणां, वित्तमन्यस्य कारणम् ।
अन्यैः सञ्चीयते यत्नान्-मध्वन्यैः परिभुज्यते ॥ "

જે ઘણા ધનનો સંચય કરે છે તે બીજાનું થાય છે. જુઓ—બહુ યત્નથી મધમાખીવડે મધ એકઠું કરાય છે, તે અન્યવડે ભોગવાય છે.

" वनकुसुमं कृपणश्रीः, कूपच्छाया सुरङ्गधूली च ।
तत्रैव यान्ति विलयं, मनोरथा भाग्यहीनानाम् ॥ "

વનમાં ઊગેલું ફૂલ, કૃપણની લક્ષ્મી, કૂવાની છાયા, સુરંગની ધૂળ અને ભાગ્યહીન મનુષ્યના મનોરથો જ્યાં ઉત્પન્ન થાય છે, ત્યાં જ નાશ પામે છે.

## ( ૮ ) કૃપણતા અને કરકસર

કૃપણતા અને કરકસર એક નથી. કૃપણતા એ જીવની અનુદાર વૃત્તિ કે રાંક મનોદશા છે, જ્યારે કરકસર એ અયોગ્ય ખર્ચનો અટકાવ છે અથવા વેડફાતા ધનનો જરૂરી બચાવ છે. આ વિષયમાં નવી વહુનું દૃષ્ટાંત જાણવા યોગ્ય છે.

## ( ૯ ) નવી વહુનું દૃષ્ટાંત

એક ઘરમાં નવી વહુ આવી. તેણે એક દિવસ પોતાના સસરાને દીવામાંથી નીચે જમીન પર પડી ગયેલું તેલ લઈને પગરખાં પર ચોપડતો જોયો. આથી તેણે મનમાં નિશ્ચય કર્યો કે 'મારો સસરો કરકસરિયો છે કે કૃપણ છે તેની ખાતરી કરવી.' પછી એક દિવસ પથારીમાં પડીને તે બૂમો મારવા લાગી કે 'અરેરે! મારું માથું વેદનાથી તૂટી પડે છે.'

વહુની આ પ્રકારની બૂમો સાંભળીને ઘરના માણસો એકઠા થયા અને વિવિધ ઉપચારો કરવા લાગ્યા પણ તેનાથી દુખાવો શેનો મટે ? આખરે તેનો સસરો આવ્યો અને તે પૂછવા લાગ્યો કે 'વહુરાણી ! તમને પહેલાં કોઈ વખત આવો દુઃખાવો ઉપડ્યો હતો ? અને ઉપડ્યો હોય તો કયા ઉપાયથી મટ્યો હતો ?' ત્યારે વહુએ ડાવકાઈથી જવાબ આપ્યો કે 'પહેલાં પણ બે–ત્રણ વખત આવો દુઃખાવો ઉપડ્યો હતો અને તે સાચા મોતી વાટીને ચોપડવાથી મટી ગયો હતો.'

એ સાંભળીને સસરો બોલી ઊઠ્યો કે–'ત્યારે અત્યાર સુધી બોલ્યાં કેમ નહિ ? આપણા ઘરમાં સાચાં મોતીનો તોટો નથી.' અને તેણે તિજોરીમાંથી સાચાં મોતીની પોટલી છોડી તેને વાટવાનો હુકમ આપ્યો. તે વખતે વહુએ કહ્યું કે 'હવે મને ઠીક જણાય છે, માટે મોતી વાટવાની જરૂર નથી.' પછી તેણે જેવી હતી તેવી હકીકત સાસુ–સસરાને કહી સંભળાવી આથી બધાને તેની બુદ્ધિ માટે ભારે માન પેદા થયું.

તાત્પર્ય કે–દીવાના તેલનું ટીપું પગરખાં પર ચોપડનાર, સમય આવ્યે સાચાં મોતીને વટાવતાં જરા પણ અચકાતો નથી. એ કરકસર છે અને તે ગૃહસ્થનું ભૂષણ છે.

જે ગૃહસ્થો કરકસરથી ધન ભેગું કરી શકે છે, તેઓ વખત આવ્યે લાખોનું દાન કરી શકે છે, પણ જેઓ પ્રારંભથી જ છેલબટાઉ બનીને બધા ધનને ઉડાવી દે છે અને સદા કડકા રહે છે, તે કોઇને કંઇ પણ આપી શકતા નથી. કોઇ કવિએ સાચું જ કહ્યું છે કે—

જે ધનવંતા દે કંઇ, શું દે નહિ ધનવાન?
નીચોવે શું નગ્ન જન, કરી સરોવર સ્નાન?

સરોવરમાં સ્નાન કરીને નાગો શું નીચોવે? અર્થાત્ જેણે વસ્ત્ર પહેર્યાં હોય તેનાં વસ્ત્ર ભીનાં થાય છે અને તે જ નીચોવી શકાય છે. તે જ રીતે જે માણસ પાસે કંઇ ધન હોય છે, તે જ બીજાને આપી શકે છે, પણ ધનહીન કંઇ આપી શકતો નથી.

શાસ્ત્રકારોએ ધન અથવા ઋદ્ધિના ત્રણ પ્રકારો વર્ણવ્યા છે. એક ધર્મઋદ્ધિ-જેનાવડે ધર્મનાં કૃત્યો થાય છે. બીજી ભોગઋદ્ધિ-જેનાવડે શરીરને શાતા ઉપજાવી શકાય છે. અને ત્રીજી પાપઋદ્ધિ-જે નથી તો ધર્મના કામમાં આવતી, કે નથી ભોગ માટે વપરાતી પણ અનેક પ્રકારની મુશીબતો ઊભી કરે છે અને વખતે પ્રાણનો પણ નાશ કરે છે. આ વિષયમાં ચાર ચોરોનું દૃષ્ટાંત વિચારવા યોગ્ય છે.

## (૧૦) ચાર ચોરોનું દૃષ્ટાંત

ચાર ચોરોએ કોઈ શાહુકારના ઘરમાં ચોરી કરી અને પુષ્કળ માલમત્તા મેળવી. પછી નગર બહાર એક તળાવના કિનારે બેસીને તેની વહેંચણી કરવા લાગ્યા, પણ તે વખતે બધાને કકડીને ભૂખ લાગેલી હોવાથી એવો નિર્ણય કરવામાં આવ્યો કે 'પ્રથમ બે જણાએ નગરમાં જઇને મીઠાઇ લઇ આવવી અને તે બધાએ ખાધા પછી જ ભાગ વહેંચવો.' આ નિર્ણય અનુસાર બે જણ નગરમાં મીઠાઇ લેવા ગયા. હવે રસ્તામાં તેમને વિચાર આવ્યો કે 'આપણે ઘણા વખતથી

આ ધંધો કરીએ છીએ પણ પૈસાદાર થયા નહિ, માટે આજની બધી માલમત્તા આપણે જ પડાવી લેવી અને તે માટે બાકીના બે જણને મારી નાખવા.' પછી તેમણે શહેર-માંથી મીઠાઇ ખરીદી અને તેમાં એક પ્રકારનું ઝેર ભેળવ્યું કે જે કોઠામાં જતાં જ પ્રાણનો નાશ કરે.

અહીં પાછળ રહેલા બે ચોરોને પણ એવો જ વિચાર આવ્યો એટલે તેમણે નિર્ણય કર્યો કે નગરમાં ગયેલા બે જણ ખાવાનું લઇને જેવાં અહીં આવે કે તેમની ગળચી દબાવીને તેમને આ તળાવનાં ઊંડા જળમાં ફેંકી દેવા. આ નિર્ણય અનુસાર પેલા બે ચોરો પાછા ફર્યાં કે આ બે ચોરોએ ઊઠીને ઝડપથી તેમની ગળચી દબાવી દીધી અને તેમને તળાવમાં ફેંકી દીધા. પછી પોતાનાં ભાગ્યને વખાણતાં વખાણતાં તેમણે પેલી ઝેરવાળી મીઠાઇ ખાધી એટલે તેઓ પણ ત્યાં ને ત્યાં જ મરણ પામ્યા. તાત્પર્ય કે–પાપલક્ષ્મી આવવાથી મનુષ્યની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે અને તે ન કરવાનાં કાર્યો કરી બેસે છે.

## (૧૧) શાસ્ત્રકારોનો અભિપ્રાય.

હવે દાન સંબંધી શાસ્ત્રકારોનો અભિપ્રાય સાંભળો.

" दानशीलतपोभावभेदैर्धर्मश्चतुर्विधः ।
भवाब्धियानपात्राभः, प्रोक्तोऽर्हद्भिः कृपापरैः ॥ "

' પરમકૃપાળુ–પરમદયાળુ અર્હદ્દેવોએ સંસારસાગરને તરવામાં વહાણ જેવો ધર્મ દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચાર પ્રકારનો કહેલો છે.'

"तत्रापि प्रवरं दानं, सौभाग्यमारोग्यदायकम् ।
कीर्ति-निबंधनं सर्व-संपदां परमास्पदम् ॥"

તેમાં પણ દાન શ્રેષ્ઠ છે, કારણ કે તે સૌભાગ્ય અને આરોગ્યને આપનારું છે, કીર્તિનું કારણ છે અને સર્વ સંપત્તિઓને લાવનારું છે.

આ વિષયમાં શાલિભદ્રની કથા સમજવા યોગ્ય છે.

## (૧૨) શાલિભદ્રની કથા.

રાજગૃહી નગરીની પાસે શાલિ નામે એક ગામડું હતું. ત્યાં ધન્યા નામની એક ગરીબ સ્ત્રી પોતાના પુત્ર સંગમ સાથે વસતી હતી. તે લોકોનું છાણવાસીદું કરતી, દાણાદૂણી ભરડતી અને બીજાં પણ અનેક જાતનાં પરચુરણ કામો કરતી; જ્યારે સંગમ ઘેટાં-બકરાં ચરાવતો અને તેમની રક્ષા કરતો. આ રીતે મહેનત-મજૂરી કરીને મા-દીકરો પોતાનો નિર્વાહ ચલાવતા હતા. એવામાં પર્વદિવસ આવ્યો અને સર્વલોકો ક્ષીરનું ભોજન તૈયાર કરવા લાગ્યા. તે જોઈને સંગમે પોતાની માતાને કહ્યું: 'માતા! આજે બધા લોકો ક્ષીરનું ભોજન કરે છે, માટે મને પણ તું ક્ષીર બનાવી આપ.' ત્યારે માતાએ કહ્યું કે 'બેટા! આપણાં ઘરમાં જાર-બાજરીનાં પણ સાંસા છે, તો ક્ષીર જેવું ઉત્તમ ભોજન ક્યાંથી બનાવી શકાય?' પણ સંગમ એ વાતને સમજ્યો નહિ. પોતાનું ઘર કેમ ચાલે છે? તેની બાળકને ખબર ક્યાંથી હોય? એટલે તે હઠે ચડ્યો. આથી માતાને રોવું આવ્યું. એક નિઃસહાય અને નિરાધાર સ્ત્રી આ સંયોગોમાં બીજું શું કરી શકે?

ધન્યાને રડતી જોઇને આડોશણુ–પાડોશણો ભેગી થઇ અને પૂછવા લાગી કેઃ–' અરે બાઇ ! આજે પર્વના દહાડે તને રડવું કેમ આવે છે ? ' ત્યારે તેણે સાચી હકીકત કહી સંભળાવી. એટલે તે બાઇઓએ તેને સાંત્વન આપ્યું અને કહ્યું કે ' તું કોઈ જાતની ફીકર ન કર, અમે તને ક્ષીર બનાવવાની સર્વ સામગ્રી આપીશું. ' પછી કોઇએ તેને દૂધ આપ્યું, કોઇએ સાકર આપી, કોઇએ ચોખા આપ્યા અને કોઈએ તેને બદામ–પીસ્તાં વગેરે મસાલો આપ્યો. એટલે ધન્યાએ ક્ષીર તૈયાર કરી અને સંગમનાં ભાણામાં પીરસી. હવે ક્ષીર ઠરી જાય અને પુત્ર તેનું ભોજન કરે તે પહેલાં જ તેને કંઈ કામ આવી પડયું એટલે તે પાડોશણને ઘેર ગઇ.

અહીં સંગમ ક્ષીરને ઠંડી થવાની રાહ જોવા લાગ્યો. એવામાં એક માસના ઉપવાસી કોઈ સાધુ પારણાનો દિન હોવાથી ભિક્ષા અર્થે ત્યાં ચડી આવ્યા. આથી હર્ષિત થયેલા સંગમે પાત્રમાંની તમામ ક્ષીર એ મુનિરાજને વહોરાવી દીધી અને મુનિરાજ ' ધર્મલાભ' દઇને ચાલતા થયા. થોડી વારે ધન્યા પાછી આવી ત્યારે તેણે સંગમનું ભાણું તદ્દન ખાલી જોયું એટલે તે સમજી કે સંગમ બધી ક્ષીર ખાઈ ગયો છે અને તેને તે ખૂબ પસંદ પડી છે. એટલે તેણે બીજી પણ તેટલી જ ક્ષીર પીરસી અને સંગમે તેનું આકંઠ ભોજન કર્યું, તેથી રાત્રિના સમયે તેને ભયંકર વિષૂચિકા ઉત્પન્ન થઇ અને તે મરણ પામ્યો. આ સંગમ સુપાત્ર દાનના પ્રભાવથી રાજગૃહીના માલે-તુજાર શેઠ ગોભદ્રની પત્ની ભદ્રા શેઠાણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. અહો સુપાત્રદાનનો પ્રભાવ !

સંગમ ભદ્રા શેઠાણીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયો ત્યારે ભદ્રા શેઠાણીને શાલિક્ષેત્રનું સ્વપ્ન આવ્યું, તે પરથી તેનું નામ શાલિભદ્ર રાખવામાં આવ્યું. આ શાલિભદ્ર રત્નજડિત કંચન પારણિયામાં પોઢતો અને અનેક દાસદાસીઓથી લાલન-પાલન કરાતો મોટો થયો ત્યારે કામદેવ જેવો શોભવા લાગ્યો. આ વખતે રાજગૃહીના બત્રીશ શ્રીમંતોએ શાલિભદ્રને પોતાની કન્યા આપવા માટે શ્રીફળો મોકલ્યા. તેમાં કોઈ કોઇથી ઉતરતું ન હતું, એટલે 'કોનું શ્રીફળ રાખવું અને કોનું પાછું ઠેલવું? તે એક મહાપ્રશ્ન થઇ પડ્યો. આખરે ગોભદ્ર શેઠે એ બત્રીશે શ્રીફળો સ્વીકારી લીધાં અને શાલિભદ્ર બત્રીશ મનોહર સ્ત્રીઓનો સ્વામી થયો.

શાલિભદ્ર મણિમય મહેલમાં પોતાની બત્રીશ વધૂઓ સાથે અનેક પ્રકારની આનંદ-ક્રીડાઓમાં વખત ગાળે છે અને દેવતાની જેમ પોતાનો સમય નિર્ગમન કરે છે. એવામાં ગોભદ્ર શેઠ મરણ પામ્યા અને પુણ્ય પ્રભાવથી દેવલોકમાં ઉત્પન્ન થયા. તેઓ પુત્ર પરની અથાગ મમતાને લીધે તેને રોજ પ્રાતઃકાળમાં ૩૩ પેટીઓ સોનૈયાની, ૩૩ પેટીઓ વસ્ત્રા-ભરણની અને ૩૩ પેટીઓ તાંબૂલ ચૂર્ણ તથા ભોગ્યપદાર્થોની મોકલવા લાગ્યા. આ રીતે શાલિભદ્રના સુખવૈભવનો કોઇ પાર ન રહ્યો.

એક વાર રત્નકંબલના વેપારી રાજગૃહી નગરીમાં આવ્યા અને મહારાજા શ્રેણિક પાસે ગયા. પરંતુ એક રત્નકંબલનું મૂલ્ય સવાલાખ સોનામહોર જાણીને તેણે એક પણ કંબલ ખરીદી નહિ. પછી તેઓ નગરજનને પૂછવા લાગ્યા કે 'આ

નગરમાં અમારો માલ લે તેવું કોણ છે ?' તે વખતે નગરજનોએ જણાવ્યું કે 'તમે શાલિભદ્ર શેઠને ઘેર જાઓ કે જેની બારશાખોએ રત્નનું તોરણ બાંધેલું છે.' એટલે તે વેપારીઓ શાલિભદ્રને ઘેર આવ્યા.

ભદ્રામાતાએ તેમનો યોગ્ય સત્કાર કર્યો અને આગમનનું કારણ પૂછ્યું, એટલે તેમણે જણાવ્યું કે–'અમે અતિ મનોહર રત્નકંબલો લાવેલા છીએ.' ભદ્રામાતાએ પૂછ્યું કે–'કેટલી કાંબલો છે ?' વેપારીઓએ કહ્યું: 'સોળ.' આથી જરા ખિન્ન થઈને ભદ્રામાતાએ કહ્યું કે 'બસ સોળ જ ?' એ સાંભળીને એક વેપારી બોલી ઉઠ્યો: 'એક કાંબળ તો અહીં ખપતી નથી અને સોળ શું ઓછી છે ?' ભદ્રામાતાએ કહ્યું: 'મારે બત્રીશ વહુઓ છે અને તે દરેકને એકેક આપવી જોઈએ. પણ ઠીક છે એનું મૂલ્ય શું છે ?' વેપારીઓએ કહ્યું: 'એક કાંબળનું મૂલ્ય સવાલાખ સોનામહોર.' એટલે ભદ્રા માતાએ તે સોળે રત્નકંબલો ખરીદી લીધી અને તેમને વીશ લાખ સોનામહોરો ચૂકવી દીધી. આ જોઈને વેપારીઓ આશ્ચર્યથી મુગ્ધ થયા અને શાલિભદ્રની ઋદ્ધિ–સિદ્ધિનાં તથા ભદ્રા માતાનાં વખાણ કરતાં ચાલતા થયા.

ભદ્રા માતાએ આ કંબળોના બબ્બે ટુકડા કરાવી તેમાંનો એકેક ટુકડો શાલિભદ્રની પત્નીને વાપરવા માટે આપી દીધો, જે તેમણે એકેક દિવસ વાપરી ખાળકુંડીમાં કાઢી નાખ્યો.

અહીં ચેલ્લણા રાણીએ જાણ્યું કે રત્નકંબલના વેપારીઓ રત્નકંબલ વેચવા માટે આવ્યા હતા, પણ મહારાજાએ મૂલ્યથી

ડરીને એક પણ કંબલ લીધી નહિ, એટલે તેને ખૂબ માઠું લાગ્યું અને ઓછામાં ઓછી એક કંબલ ખરીદવાનો આગ્રહ કર્યો. તેથી શ્રેણિકરાયે માણસોને મોકલીને પેલા વેપારીઓને શોધી કાઢયા, પરંતુ તેમણે જણાવ્યું કે 'અમારી પાસેની બધી રત્નકંબલો શાલિભદ્ર શેઠે ખરીદી લીધી છે.' આથી રાજાને ભારે આશ્ચર્ય થયું અને તેણે એક પ્રધાનને આજ્ઞા કરી કે 'તમે શાલિભદ્રને ત્યાંથી એક કાંબલ લઈ આવો.' એટલે પ્રધાન સવા લાખ સોનામહોરો સાથે શાલિભદ્રને ત્યાં ગયો અને ભદ્રા માતાને મળ્યો, કારણ કે શાલિભદ્ર તો સુખમાં લીન હતા અને ઘરનો બધો કારભાર ભદ્રા માતા જ ચલાવતા હતા.

ભદ્રા માતાએ આગમનનું કારણ પૂછયું એટલે પેલા પ્રધાને કહ્યું કે 'રાજાને એક રત્નકંબલ જોઈએ છે.' તે સાંભળીને ભદ્રા માતાએ જવાબ આપ્યો કે 'મેં તો એ કાંબલના બબ્બે ટુકડા કરીને શાલિભદ્રની સ્ત્રીઓને આપી દીધા અને તેમણે એનાથી પોતાના પગ લૂછીને ખાલકુંડીમાં કાઢી નાખ્યા છે. અત્યારે તે ખાલકુંડીમાં પડ્યા હશે,. તે હવે મારાથી કેમ અપાય?'

આ સાંભળીને પ્રધાન તો આભો જ બની ગયો. 'સોળ રત્નકંબલના ટુકડા અને તેનો પગ લૂછવામાં ઉપયોગ! અહો! રાજાની સમૃદ્ધિ આની આગળ કંઇ જ વિસાતમાં નથી.'

શ્રેણિકરાયે આ હકીકત જાણી એટલે તેને શાલિભદ્રને જોવાની ઈચ્છા થઇ, તેથી અભયકુમારને આજ્ઞા કરી કે તમે શાલિભદ્રને અહીં તેડી લાવો. અને અભયકુમાર શાલિભદ્રને

ઘેર ગયા, ત્યાં ભદ્રા માતા તરફથી જવાબ મળ્યો કે–‘મારો શાલિભદ્ર કદી ઘર બહાર નીકળતો નથી, માટે મહારાજા જ ઘેર પધારવાની કૃપા કરે.’

આ જવાબે શ્રેણિકરાયના આશ્ચર્યમાં અનેકગણો ઉમેરો કર્યો અને તે અભયકુમાર તથા બીજા અંગત માણસો સાથે શાલિભદ્રને ત્યાં આવવા રવાના થયો.

આ વાત ભદ્રા માતાએ જાણી એટલે તેમણે આગમનનો માર્ગ સુંદર રીતે શણગારી દીધો અને પોતાનો બધો વૈભવ પુર બહારમાં ખુલ્લો મૂકી દીધો.

મહારાજા શ્રેણિક ઘેર આવ્યા એટલે તેમને સાચા મોતીએ વધાવવામાં આવ્યા અને એક ભવ્ય દિવાનખાનામાં લઈ જવામાં આવ્યા કે જેના સર્વ સ્થંભો સુવર્ણથી રસેલા તથા વિવિધ રત્નોથી જડેલા હતા. આ વૈભવ–વિલાસ જોઈને રાજા માથું ધુણાવવા લાગ્યો અને શાલિભદ્રની ઋદ્ધિસિદ્ધિના સ્વમુખે વખાણ કરવા લાગ્યો.

હવે ભદ્રા માતા રાજાને પોતાને ત્યાં આવેલો જાણીને તે વાતની ખબર આપવા માટે શાલિભદ્રની પાસે ગયા અને તેને જણાવ્યું કે ‘પુત્ર! આપણા ઘેર શ્રેણિક આવેલ છે, તો તું તેને જોવાને ચાલ.’ એ સાંભળીને શાલિભદ્રે કહ્યું: ‘માતાજી! તમે બધી વાત જાણો છો, માટે જે મૂલ્ય આપવું ઘટે તે આપીને ખરીદી લ્યો. એમાં મને પૂછવા જેવું શું છે?’ ભદ્રા માતાએ કહ્યું: ‘પુત્ર! એ કોઈ ખરીદવાની વસ્તુ નથી પણ બધાનો અને તારો પણ સ્વામી છે; માટે નીચે ચાલ અને તેનું યોગ્ય સ્વાગત કર.’

'શું મારા માથે સ્વામી છે? અને તેને હું આધીન છું?' શાલિભદ્રના રંજનો પાર રહ્યો નહિ. તે પોતાની આ જાતની પરતંત્રતાને ધિક્કારવા લાગ્યો, પરંતુ માતાના આગ્રહને વશ થઈને પોતાની પત્નીઓ સાથે નીચે ઉતર્યો અને મહારાજાને પ્રણામ કરીને ઊભો રહ્યો, એટલે શ્રેણિકે તેને છાતી સરસો ચાંપ્યો, એમાં થોડો વખત વ્યતીત થયો એટલે ભદ્રા માતાએ કહ્યું: 'સ્વામી! હવે એને છોડી દો. એની કાયા ફૂલ જેવી કોમળ છે, તે કરમાઈ જશે.' એટલે રાજાએ તેને રજા આપી અને શાલિભદ્ર પ્રણામ કરીને પોતાના મહેલે ગયો.

આ ઘટનાએ શાલિભદ્રના સમસ્ત જીવનમાં ભારે પરિવર્તન કરી નાંખ્યું. 'મારા માથે સ્વામી છે.' એ વિચાર તેને કાંટાની જેમ ખૂંચવા લાગ્યો અને તેમાંથી કેમ મુક્ત થવાય એનો જ વિચાર કરવા લાગ્યો એવામાં એક મિત્રે વધામણી આપી કે 'નગરની બહાર ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ પધાર્યા છે, જે ઘણા જ્ઞાની અને સર્વસંપૂજ્ય છે.' એટલે શાલિભદ્ર તેમનો ઉપદેશ સાંભળવા ગયા અને ઉપદેશના અંતે તેમણે આચાર્યશ્રીને એક પ્રશ્ન પૂછ્યો કે 'હે પ્રભો! શું કર્યું હોય તો માથે સ્વામી ન થાય?' આચાર્યે કહ્યું: 'સંયમને ધારણ કરવાથી માથે સ્વામી ન થાય.' એટલે શાલિભદ્રે કહ્યું કે 'હે ભગવાન્! જો એમ જ હોય તો ઘેર જઈને મારી માતાની રજા લઈને હું સંયમને ધારણ કરીશ.' આચાર્યે કહ્યું. 'ધર્મના કામમાં ઢીલ કરવી નહિ.'

શાલિભદ્રે પોતાનો વિચાર માતાને જણાવ્યો અને સંયમ ધારણ કરવાની રજા માગી. ત્યારે ભદ્રા માતાએ કહ્યું કે 'પુત્ર!

તારો વિચાર અતિ સુંદર છે, પણ તું હજી મનુષ્યનો સ્પર્શ સહન કરી શકતો નથી, તો સંયમ જીવનની કઠિનાઇઓને કેવી રીતે બરદાસ કરી શકીશ ? માટે તું ધીમે ધીમે ભોગોને છોડતો જા અને જ્યારે એ રીતે કંઈક પણ કઠણ જીવનનો અનુભવ થાય ત્યારે સંયમ–દીક્ષા ગ્રહણ કરજે.'

તે દિવસથી શાલિભદ્રે એક સ્ત્રી અને એક શય્યા છોડવાનું શરુ કર્યું, જે જાણીને તેની સ્ત્રીઓને અત્યંત દુઃખ થયું અને સગાંવ્હાલાં પણ ચિંતાતુર થયા. હવે તે નગરમાં ધન્નાજી નામના એક પરાક્રમી અને વૈભવશાલી પુરુષ હતા. જે આઠ સ્ત્રીઓને પરણ્યા હતા અને તેમાંની એક સ્ત્રી શાલિભદ્રની બહેન હતી. તે ધન્નાજીને સ્નાન કરાવવા માટે તેમની પાછળ ઊભી હતી. ત્યારે તેની આંખમાંથી ગરમ આંસુનું એક ટીપું તેમની પીઠ પર પડ્યું. આથી ધન્નાજીએ પાછું વાળીને જોયું અને આંસુનું કારણ પૂછ્યું. એટલે તેણે કહ્યું કે ' મારા ભાઇને સંસાર પરથી વૈરાગ્ય થયો છે, તે રોજ એક સ્ત્રી અને એક શય્યાને છોડે છે.' આ સાંભળીને ધન્નાજી બોલ્યા કે ' વૈરાગ્ય તે એવો સહેલો હશે જે હમેશાં થોડું થોડું છોડે ?' ત્યારે સ્ત્રીએ કહ્યું કે ' સ્વામીનાથ ! બોલવું સહેલું છે પણ કરવું બહુ અઘરું છે.' એ જ વખતે ધન્નાજીએ સિંહ સમી ગર્જના કરીને કહ્યું: ' હું કાયર નથી. મેં બધી સ્ત્રીઓ અને બધો વૈભવ આ ક્ષણે જ છોડયો.' અને તેઓ ઊભા થઈ ગયા. આ જોઇ બધી સ્ત્રીઓ ગભરાઈ ગઇ અને તેઓ કાલાવાલાં કરીને કહેવા લાગી કે ' સ્વામીનાથ ! અમારા બોલ્યા સામું જોશો નહિ. અમારી ભૂલ થઇ. આપ ખરેખર વીર છો અને વીરતા-

થી વર્તી શકો તેમ છો, પરંતુ અમારા પર દયા કરો અને આપનો વિચાર હાલ તુરતને માટે મુલતવી રાખો.' પણ વીરનું વચન એક જ હોય છે. તેઓ બોલેલું કદી ફેરવતા નથી એટલે ધન્નાજી ત્યાંથી ચાલી નીકળ્યા અને બધી સ્ત્રીઓ પણ તેમના પગલે ચાલીને દીક્ષા લેવાને તૈયાર થઈ.

પછી ધન્નાજી શાલિભદ્રને ત્યાં આવ્યા અને કહ્યું કે: 'શાલિભદ્ર! વૈરાગ્ય આવો ન હોય! હું તો આઠ સ્ત્રીઓને સામટી છોડીને દીક્ષા લેવાને જાઉં છું, માટે તું પણ વીર થા અને સર્વસ્વનો ત્યાગ કરીને મારી સાથે ચાલ.' આ વચનોએ શાલિભદ્રના મન પર જબ્બર અસર કરી અને તેઓ સર્વસ્વનો ત્યાગ કરીને ચાલી નીકળ્યા. આ બંને વીરો ચરમ-તીર્થંકર પ્રભુ મહાવીરના પવિત્ર હાથે પ્રવ્રજિત થયા અને આકરાં તપ તપીને તથા જ્ઞાન-ધ્યાનમાં મસ્ત બનીને અંત સમયે વૈભારગિરિ પર એક માસનું અણસણ કરવાપૂર્વક કાળ-ધર્મ પામીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા, જ્યાંથી ચ્યવીને ભવાંતરમાં મોક્ષે જશે.

તાત્પર્ય કે-સુપાત્ર દાનના પ્રભાવથી સંગમ જેવો એક અબુઝ ગરીબ છોકરો ભવાંતરમાં અનંતગણું ફળ પામ્યો અને આખરે પરમ તારકના પવિત્ર હસ્તે પ્રવ્રજિત થઈને પરમ પદના પંથે મળ્યો.

આમ કવિઓએ દાનના ગુણ ગાયા છે, નીતિકારોએ દાનની પ્રશંસા કરી છે અને ધર્મજ્ઞોએ દાનની જોરદાર દેશના દીધી છે, તેથી પ્રત્યેક સુજ્ઞ મનુષ્યે દાન દેવામાં તત્પરતા રાખવી ઘટે છે.

---

: ૨ :

# દાનનાં પ્રકારો

દાન ચાર પ્રકારનું છે: અભયદાન, જ્ઞાનદાન, ઉપષ્ટંભદાન અને અનુકંપાદાન.

## (૧૩) અભયદાન

'અભયદાન કોને કહેવાય?' એનો ઉત્તર એ છે કે-કોઇ પણ પ્રાણીને આપણા તરફથી મરણનો ભય ન ઉપજાવવો તે અભયદાન કહેવાય. બીજા શબ્દોમાં કહીએ તો જીવદયા પામવી એ અભયદાન કહેવાય. તે સંબંધી નિર્ગ્રંથ મહર્ષિઓએ કહ્યું છે કે—

"किं सुरगिरिणो गरुयं ? जलनिहिणो किंव होज्ज गंभीरं ? ।
किं गयणाउ विसालं ? को व अहिंसासमो धम्मो ? ॥"

'આ જગત્‌માં મેરુપર્વત કરતાં મોટું શું છે? સાગર

કરતાં ગંભીર શું છે? આકાશ કરતાં વિશાળ શું છે? અને અહિંસા સમાન ધર્મ કયો છે? અર્થાત્ બીજો કોઈ નથી.'

" कल्लाणकोडिजणणी, दुरंतदुरियारिवग्गणिट्ठवणी ।
संसारजलहितरणी, एकच्चिय होइ जीवदया ॥ "

'ક્રોડો કલ્યાણને જન્મ આપનાર, વિવિધ પ્રકારના દારુણ દુ:ખોનો નાશ કરનાર અને સંસારસમુદ્રને તારનાર એક જીવદયા જ છે.'

" विउलं रज्जं रोगेहिं वज्जियं रूवमाउयं दीहं ।
अन्नं पि तन्न सोक्खं, जं जीवदयाए न हु रुज्झं ॥ "

'વિપુલ રાજ્ય, રોગથી રહિતપણું, સુંદર રૂપ, દીર્ઘ આયુષ્ય અને બીજું પણ કોઈ સુખ એવું નથી કે જે જીવદયાથી પામી ન શકાય.'

" देविंदचक्कवट्टित्तणाइं भोत्तूण सिवसुहमणंतं ।
पत्ता अणंतसत्ता अभयं दाऊण जीवाणं ॥ "

'જીવોને અભયદાન દેવાથી અનંત પ્રાણીઓ દેવેન્દ્ર અને ચક્રવર્તીપણું ભોગવીને શિવસુખ પામ્યા.'

લૌકિક શાસ્ત્રોમાં કહ્યું છે કે—

" नेह भूयस्तमो धर्म्मस्तस्मादन्योऽस्ति भूतले ।
प्राणिनां भयभीतानामभयं यत्प्रदीयते ॥ "

'મરણના ભયથી ત્રસ્ત થયેલા પ્રાણીઓને અભય(દાન) દેવું તેનાથી વધારે શ્રેષ્ઠ ધર્મ આ જગતમાં બીજો કોઈ નથી.'

" वरमेकस्य सत्त्वस्य, दत्ता ह्यभयदक्षिणा ।
न तु विप्रसहस्त्रेभ्यो, गोसहस्त्रमलंकृतम् ॥ "

'બ્રાહ્મણને શણગારેલી હજાર ગાય દાનમાં દેવી તેના કરતાં એક પ્રાણીને 'અભય'–દક્ષિણા–(અભયદાન) દેવી તે ઉત્તમ છે.'

" कपिलानां सहस्त्रं तु, द्विजेभ्यः प्रयच्छति ।
एकस्य जीवितं दद्यात्, कलां नार्ति *षोडशीम् ॥ "

'જે મનુષ્ય બ્રાહ્મણોને હજાર ગાય દાનમાં આપે છે, તે જીવિતનું દાન કરનાર મનુષ્યની સરખામણીમાં કંઈ વિસાતમાં નથી.'

" हेमधेनुधरादीनां, दातारः सुलभा भुवि ।
दुर्लभः पुरुषो लोके, य प्राणिष्वभयप्रदः ॥ "

'આ જગતમાં સુવર્ણ, ગાય અને જમીનનું દાન કરનારા દાતારો ઘણા છે, પણ પ્રાણીઓને અભયનું દાન કરનાર દાતાર તો કોઈક જ છે.'

" महतामपि दानानां, कालेन क्षीयते फलम् ।
भीताभयप्रदानस्य, क्षय एव न विद्यते ॥ "

'મોટાં મોટાં દાનોનું ફલ કાલે કરીને ક્ષય પામે છે, પણ ભયભીત પ્રાણીઓને આપેલા અભયનું ફલ ક્ષય પામતું નથી.'

---

* ચંદ્રમાની ૧૬ કળા કહી છે તેથી સોળમી કળા અતિ સૂક્ષ્મ ગણાય એટલે તેટલી પણ સરખામણી થઇ શકતી નથી.

" दत्तमिष्टं तपस्तप्तं, तीर्थसेवा तथा श्रुतम् ।
सर्वाण्यभयदानस्य, कलां नार्हति षोडशीम् ॥ "

'ઇષ્ટ વસ્તુનું દાન, તપ, તીર્થસેવા અને જ્ઞાન : એ બધાંની અભય દાન આગળ કોઈ ગણતરી નથી.'

" सर्वे वेदा न तत्कुर्युः, सर्वे यज्ञा यथोदिताः ।
सर्वतीर्थाभिषेकाश्च, यत् कुर्यात् प्राणिनां दया ॥ "

'સર્વે વેદોનું અધ્યયન કરો, સર્વે યજ્ઞોનું અનુષ્ઠાન કરો કે સર્વ તીર્થોનો અભિષેક કરો પણ તે કોઈનું ફળ જીવદયા જેટલું મળતું નથી.'

અભયદાન ઉપર **મેઘરથ રાજા** અને **હાથીએ પાળેલી સસલાની દયા** એ બે વાતો વિચારવા યોગ્ય છે.

## (૧૪) મેઘરથ રાજાની વાત.

મેઘરથ નામે એક શૂરવીર અને ધર્મપ્રિય રાજા હતો. તે એક વાર પોતાની પૌષધશાળામાં પૌષધવ્રત અંગીકાર કરીને બેઠો હતો અને ભગવંત-ભાષિત ધર્મનો સ્વાધ્યાય કરતો હતો. એવામાં ભયથી કંપતું અને દીન દૃષ્ટિ ફેરવતું એક પારેવું આવીને તેના ખોળામાં પડ્યું અને મનુષ્યની વાણીમાં કહેવા લાગ્યું : '**भो राजन्! त्राहि माम्**—હે રાજન્! મારી રક્ષા કરો.'

મેઘરથ રાજાએ તેને ભયભ્રાંત જોઈને કહ્યું : 'હે પક્ષી! તું ભય પામીશ નહિ.'

આ પ્રકારે અભય મળવાથી તે પારેવું સ્વસ્થ થયું અને

રાજાના ખોળામાં બેઠું. એવામાં એક બાજ પક્ષી ત્યાં આવ્યું અને તે પણ મનુષ્યની વાણીમાં કહેવા લાગ્યું કે: 'હે રાજન્! એ મારું ભક્ષ્ય છે, માટે તેને છોડી દો.'

મેઘરથ રાજા સાચો ક્ષત્રિય હતો અને સાચો ક્ષત્રિય શરણાગતને કદી સોંપતો નથી, એટલે તેણે કહ્યું: 'હે બાજ! આ પારેવું મારા શરણે આવ્યું છે, માટે તને મળશે નહિ. વળી બીજાના પિંડથી પોતાનું પોષણ કરવું એ બુદ્ધિમાન માટે ઉચિત નથી, તેથી તું આ પારેવાને છોડી દે. જો તારા શરીર પરથી એક પીંછું ઉખેડવામાં આવે તો તને કેટલું દુઃખ થાય છે? જ્યારે આ તો સમસ્ત જીવનનો સવાલ છે.'

બાજ પક્ષીએ કહ્યું: 'હે રાજન્! મારા ભયથી આ પારેવું તમારે શરણે આવ્યું છે, પરંતુ અત્યંત ક્ષુધાતુર એવો હું કોના શરણે જાઉં? વળી મહાપુરુષો સર્વને અનુકૂળ હોય છે, તેથી આપ એની જેમ મારું પણ રક્ષણ કરો અને મારા પ્રાણ બચાવો.'

રાજાએ કહ્યું: 'હે બાજ! આ પક્ષીના ભક્ષણથી તને તો ક્ષણવારની જ તૃપ્તિ થશે પણ એના આખા જીવનનો નાશ થશે, માટે કંઇક વિચાર કર.'

બાજ પક્ષીએ કહ્યું: 'હે રાજન્! પ્રાણી જ્યારે સ્વસ્થ હોય છે ત્યારે ધર્માધર્મનો વિચાર કરે છે પણ ક્ષુધાતુર થતાં સઘળું ભૂલી જાય છે. શું નીતિકારોએ નથી કહ્યું કે—

**मानं मुञ्चति गौरवं परिहरत्यायाति दीनात्मतां,**
**लज्जामुत्सृजति श्रयत्यकरुणां नीचत्वमालम्बते ।**

**भार्याबन्धुसुहृत्सुतेष्वपकृतीर्नानाविधाश्चेष्टते,**
**किं किं यन्न करोति निन्दितमपि प्राणी क्षुधापीडितः ॥**

'ક્ષુધાથી પીડિત થયેલો પ્રાણી માનને મૂકી દે છે, ગૌરવને છોડી દે છે, દીનપણું ધારણ કરે છે, લજ્જાનો ત્યાગ કરે છે, ક્રૂરતાનો આશ્રય લે છે, નીચતાને અવલંબે છે અને સ્ત્રી, બંધુ, મિત્ર કે પુત્ર પ્રત્યે પણ ન કરવા જેવું વર્તન કરી બેસે છે. વળી એવું કયું પાપ છે કે જે ક્ષુધાતુર પ્રાણી કરતો નથી અર્થાત્ તે બધાં જ પાપો કરે છે.'

માટે હે રાજન્! મારું ભક્ષ્ય મને આપી દે.'

રાજાએ કહ્યું: 'ક્ષુધાતુરોની હાલત હું જાણું છું, પણ તું બીજી કોઈ વસ્તુવડે તારા પ્રાણનો નિર્વાહ કરી લે. આ વિશ્વમાં બીજી વસ્તુઓ ક્યાં ઓછી છે?'

બાજ પક્ષીએ કહ્યું: 'હે રાજન્! હું માંસાહારી છું અને મારી જાતે મારેલા પ્રાણીનાં તાજાં માંસથી જ મને તૃપ્તિ થાય છે, પણ બીજા ભોજનથી થતી નથી; માટે મારું ભક્ષ્ય મને નહિ આપો તો મારા પ્રાણનો સંહાર થશે. એકને મારવો અને બીજાને બચાવવો એ શું તમારો ધર્મ છે?'

આ શબ્દો સાંભળીને મેઘરથ રાજાએ કહ્યું: 'હે બાજ! જો ક્ષુધાથી તારા પ્રાણનો નાશ થતો હોય તો હું તને આ પારેવા બરાબર મારાં શરીરનું તાજું માંસ આપવા તૈયાર છું. તેના વડે તું તારી ઉદરતૃપ્તિ કર.'

બાજે આ શરત કબૂલ રાખી, એટલે મેઘરથ રાજાએ

ત્રાજવું અને છરી મંગાવ્યાં અને તેના એક પલ્લામાં પારેવું. મૂકીને બીજા પલ્લામાં પોતાના શરીરમાંથી કાપેલું માંસ મૂકવા લાગ્યો. પરંતુ અજાયબીની વાત એ બની કે–પારેવાવાળું પલ્લું ઊંચું આવ્યું જ નહિ, એટલે અતુલ સાહસવાળો મેઘરથ રાજા પોતે આખો ને આખો ત્રાજવામાં ચડી બેઠો.

આ દૃશ્ય જોતાં જ તેમના સકલ પરિવારમાં હાહાકાર મચ્યો અને સામંત, અમાત્યો તથા મિત્રો તેની પાસે આવીને કહેવા લાગ્યા કે–' હે નાથ ! તમે આ શું માંડયું છે ? આ શરીરવડે તમારે સમસ્ત પૃથ્વીનું રક્ષણ કરવું જોઈએ, તેના બદલે એક મામુલી પક્ષી માટે તેનું બલિદાન શા માટે આપો છો ? '

મેઘરથ રાજાએ કહ્યું: ' આ જગત્‌માં અહિંસા–ધર્મને હું શ્રેષ્ઠ માનું છું અને અહિંસાધર્મનું પાલન જાતનું બલિદાન આપ્યા વિના થતું નથી; માટે મને મારા ધર્મનું પાલન કરવા દો. '

તે વખતે સામંત, અમાત્યો તથા મિત્રો વગેરેએ કહ્યું:– ' પ્રભો ! અહિંસાધર્મનું આવું ઉત્તમ પાલન કરનારા આપને ધન્ય છે; પરંતુ આ પારેવું કોઈ માયાવી દેખાય છે; અન્યથા આટલું વજન સંભવે નહિ. '

મેઘરથ રાજાએ કહ્યું:–' તે ગમે તે હોય, પરંતુ ક્ષત્રિયનું વચન એક જ હોય છે, એટલે વચનપાલનની ખાતર હું મારી કાયાને કુરબાન કરીશ.'

આ પ્રમાણે મેઘરથ રાજા જ્યારે પોતાના મનની મક્કમતા પ્રકટ કરી રહ્યા હતા, ત્યારે મુકુટ, કુંડળ અને માળાને

ધારણ કરનારો, તેજના પૂંજ જેવો એક દેવ પ્રકટ થયો અને કહેવા લાગ્યો કે-'હે રાજન્! પુરુષોમાં તમે એક જ છો કે જે પ્રાણના ભોગે પણ અન્ય પ્રાણીનું રક્ષણ કરવાને તત્પર થયા. દેવસભામાં ઇંદ્ર મહારાજે તમારા ધર્મપ્રેમની પ્રશંસા કરી તે મારાથી સહન થઈ નહિ, એટલે તમારી પરીક્ષા કરવાને હું અહીં આવતો હતો. તે વખતે આ બે પક્ષીઓને યુદ્ધ કરતાં જોયા અને તેમાં હું *અધિષ્ઠિત થયો. હે રાજન્! મારો આ અપરાધ ક્ષમા કરો.' એટલું કહીને તે દેવ અદૃશ્ય થયો અને મેઘરથ રાજાની કાયા પૂર્વવત્ કંચનવરણી બની ગઈ. આ મેઘરથ રાજાનો જીવ દયા-દાનના પ્રભાવથી ભવાંતરમાં શ્રી શાંતિનાથ નામના સોળમા તીર્થંકર થયા. કહ્યું છે કે—

" **करुणाइदिन्नदाणो जम्मंतरगहिअपुन्नकिरिआणो ।**
**तित्थयरचक्किरिद्धिं, संपत्तो संतिनाहो त्ति ॥** "

કરુણાદિ ભાવોવડે દાન દેવાથી અને જન્માંતરમાં પુણ્યનું ભાથું બાંધવાથી ચક્રવર્ત્તી અને તીર્થંકરની રિદ્ધિ પમાય છે. શ્રી શાંતિનાથ પણ તે જ રીતે કરુણાદિ ભાવોવડે દાન દેવાથી અને જન્માંતરમાં પુણ્યનો પૂંજ એકઠો કરવાથી તીર્થંકર અને ચક્રવર્ત્તીની પદવી પામ્યા.

## (૧૫) હાથીએ પાળેલી સસલાની દયા.

ચરમ તીર્થંકર શ્રમણ ભગવાનશ્રી મહાવીર એક વાર રાજગૃહી નગરીની બહાર સમવસર્યા. તે વખતે તેમનાં દર્શન

---

* કથાન્તરોમાં 'દેવે બે પક્ષીઓનું રૂપ લીધું ' એમ વાત પણ આવે છે.

કરવાને તથા તેમનો ઉપદેશ સાંભળવાને માનવોનો મહેરામણ ઉમટ્યો, જેમાં મહારાજા શ્રેણિકની ધારિણી રાણીનો પુત્ર મેઘ-કુમાર પણ સપરિવાર સામેલ હતો.

શ્રમણ ભગવાન મહાવીરે (૧) વ્યાકરણના નિયમોથી યુક્ત, (૨) ઉચ્ચ સ્વરે બોલાતી, (૩) અગ્રામ્ય, (૪) મેઘના જેવા ગંભીર શબ્દવાળી (૫) પડઘો પાડનારી, (૬) સરલતાવાળી, (૭) માલકોશ રાગથી યુક્ત, (૮) મોટા અર્થવાળી. (૯) પૂર્વાપર વાકયના વિરોધથી રહિત, (૧૦) ઈષ્ટ સિદ્ધાંતના કથનને કરનારી, (૧૧) સંદેહ-રહિત, (૧૨) અન્યના દૂષણો દર્શાવવાથી રહિત, (૧૩) અંતઃ-કરણને પ્રસન્ન કરનારી, (૧૪) પદો અને વાકયોની પરસ્પર સાપેક્ષતાવાળી, (૧૫) અવસરને ઉચિત, (૧૬) વસ્તુ-સ્વરૂપને અનુસરનારી, (૧૭) અતિવિસ્તારથી રહિત, (૧૮) પોતાની પ્રશંસા અને અન્યની નિંદાથી રહિત, (૧૯) પ્રતિપાદ્ય વિષયની ભૂમિકાને અનુસરનારી, (૨૦) ઘીના જેવી સ્નિગ્ધ અને ગોળ જેવી મધુર, (૨૧) પ્રશંસાને યોગ્ય, (૨૨) બીજાનાં મર્મને ન ઉઘાડવાના સ્વરૂપવાળી, (૨૩) કથન કરવા યોગ્ય અર્થની ઉદારતાવાળી, (૨૪) ધર્મ અને અર્થથી યુકત, (૨૫) કારક, કાલ, વચન, ભંગ વગેરેના વિપર્યાસવાળા વચનના દોષોથી રહિત, (૨૬) વિભ્રમ, વિક્ષેપ વગેરે મનના દોષોથી રહિત (૨૭) શ્રોતાઓના ચિત્તને અવિચ્છિન્નપણે આશ્ચર્ય ઉત્પન્ન કરનારી, (૨૮) અદ્ભુત, (૨૯) અત્યંત વિલંબ-રહિત, (૩૦) વસ્તુઓને વિવિધ રીતે વર્ણવનારી, (૩૧) બીજાં વચનોની અપેક્ષાએ વિશેષતા

સ્થાપિત કરનારી, ( ૩૨ ) સત્ત્વપ્રધાન, ( ૩૩ ) વર્ણ, પદ, વાક્યના વિવેકવાળી, ( ૩૪ ) અખંડિત વચન પ્રવાહવાળી, અને ( ૩૫ ) અનાયાસે ઉત્પન્ન થનારી-એ પાંત્રીશ ગુણવાળી વાણીવડે એકત્ર થયેલી પરિષદને ધર્મદેશના દીધી. આ દેશનાના પરિણામે અનેક જીવો પ્રતિબોધ પામ્યા, તેમાં મેઘકુમાર પણ પ્રતિબોધ પામ્યો અને તેણે પોતાની આઠ સ્ત્રીઓ તથા રાજ્યઋદ્ધિ છોડીને પ્રભુ આગળ દીક્ષા લીધી.

હવે રાત્રિએ સંથારો થતાં દીક્ષાપર્યાય પ્રમાણે તેનો સંથારો છેડે આવ્યો. ત્યાં લઘુનીતિ વગેરે માટે સાધુઓની ઘણી અવરજવર થવાથી તેને જરા પણ નિદ્રા આવી નહિ.

કોઈક ચાંપે સાથરો રે હાં, કોઈક સંઘટે અણગાર;
મેઘ મુનિસરુ.
કોઇક છાંટે રેણુકા રે, હાં ચિંતે મેઘકુમાર;
મેઘ મુનિસરુ.

મેઘકુમારની સ્વસ્થતાનો ભંગ થયો. તે વિચારવા લાગ્યો:

છોડી રાજ્યભંડારને રે હાં, લીધો સંયમભાર. મેઘ૦
તો પણ દુઃખ એહવું પડે રે હાં, કહેતાં નાવે પાર. મેઘ૦
કિંહાં કંચન કિંહાં કાચલો રે હાં, કિંહાં સંથારો સેજ. મેઘ૦
કિંહાં સજ્જન કિંહા સાધુજી રે, કિંહાં માતાનાં હેજ. મેઘ૦
કિંહાં મંદિર કિંહાં માળિયાં રે હાં, કિંહાં ગોરીનાં ગીત. મેઘ૦
કિંહાં પ્રમાદની પ્રીતડી રે હાં, કિંહાં સાધુની રીત. મેઘ૦
કિંહાં ફૂલ કિંહાં કાંકરા રે હાં, કિંહાં ચંદન કિંહા લોચ; મેઘ૦
પૂરવ ભોગ સંભારતો રે હાં, મેઘમુનિ કરે સોચ. મેઘ૦

આમ વિચાર કરતાં—

મેઘમુનિ કોપે ચડ્યો રે હાં, ચિંતે મનમાં એમ. મેઘ૦
હાવભાવ કરી દીક્ષા દિયે રે હાં, હવે કહે આમ કેમ? મેઘ૦
કાંઈ નવિ લીધું એહનું રે હાં, નવિ કીધો વળી આહાર. મેઘ૦
મન માન્યું કરું માહરું રે હાં, આ તો છે વ્યવહાર. મેઘ૦

પ્રાતઃકાળ થયો એટલે સાધુધર્મ પ્રમાણે પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયા કરવી જોઈએ. પણ મેઘકુમારનું વ્યથિત થયેલું ચિત્ત તેમાં ચોંટયું નહિ. તે ઉતાવળો ઉતાવળો પ્રભુ મહાવીર પાસે આવ્યો, એટલે ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સર્વ વાતો જાણનાર એ સર્વજ્ઞ મહાપ્રભુએ પ્રતિબોધ કરતાં જે શબ્દો સંભળાવ્યાં, તેના પદ્યમાં રચનાર કવિ કહે છે કે—

રાજ રિદ્ધિ મુનિ તેં તજી રે લાલ,
　　તજ્યા ભોગવિલાસ હો મુનીસર!
ચિંતામણ પામ્યા પછી રે લાલ,
　　કેમ નિર્ગમિયે તાસ હો મુનીસર!
ચક્રીથી અધિકો કહ્યો રે લાલ,
　　સંયમ સુખ સંસાર હો મુનીસર!
એ દુઃખ મુનિ તું શું ગણે રે લાલ,
　　પૂરવભવ સંભાર હો મુનીસર!

વૈતાઢ્ય નામના પર્વતને વિષે તું સુમેરુ નામનો હાથી હતો અને અનેક હાથિણીઓથી પરવર્યો છતાં આરામથી દિવસો નિર્ગમન કરતો હતો. એવામાં દાવાનળ પ્રકટ્યો અને જીવ બચાવવા તું સરોવરમાં પેઠો. ત્યાં કાદવમાં ખૂંચી ગયો અને શત્રુ-હાથીએ કરેલી કદર્થનાવડે મૃત્યુ પામ્યો. ત્યારપછી

વિંધ્યાચલ પર્વતમાં તું મેરુપ્રભ નામનો હાથી થયો અને ત્યાં પણ અનેક હાથણીઓથી પરવરેલો છતો વનનાં ફળ-ફૂલ તથા ઘાસ ખાતો અને આનંદમાં રહેતો. એવામાં એક વખત દવ જોયો, એટલે જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને આ વખતે દાવાનળના દાહમાં સપડાવું ન પડે તે માટે એક યોજન જેટલી જગ્યામાંથી ઝાડપાન ઉખેડી નાખી મેદાન બનાવ્યું. હવે કાલક્રમે તે વનમાં પણ દવ લાગ્યો એટલે તેં એ મેદાનમાં આશ્રય લીધો અને વનનાં બીજા પ્રાણીઓ પણ આશ્રય લેવાને માટે દોડી દોડીને ત્યાં આવ્યા. એ રીતે આખું મેદાન વનનાં પશુઓથી ભરાઇ ગયું. આ વખતે કાનના મૂળમાં ખુજલી આવવાથી તેને ખંજાળવા માટે તેં એક પગ ઊંચો કર્યો, ત્યાં એક સસલો તે જગાએ ગોઠવાઈ ગયો. હવે કાન ખંજવાળ્યા પછી તું પગ નીચે મૂકવા જતો હતો ત્યાં સસલો જોવામાં આવ્યો અને તારા દિલમાં કરુણા ઉત્પન્ન થઈ. અહો ! સર્વ જીવને જીવન કેટલું પ્યારું છે ! બધા પોતાનો પ્રાણ બચાવવા અહીં એકઠા થયા છે. આ સસલો પણ તે જ રીતે અહીં આવ્યો છે. હવે મારો પગ જો હું તેના પર મૂકીશ તો બિચારાના પ્રાણ નીકળી જશે, માટે જ્યાંસુધી દાવાનળ ઓલાય નહિ અને તે પોતાના ઠેકાણે ચાલ્યો જાય નહિ ત્યાંસુધી મારે પગ ઊંચો જ રાખવો એવો તેં નિર્ણય કર્યો. પછી કેટલાક વખતે દાવાનળ શાંત પડી ગયો અને સર્વ પશુઓ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા, એટલે તેં તારો પગ નીચે મૂકવા પ્રયત્ન કર્યો પણ તેના પર લોહી ચડી ગયેલું હોવાથી તું નીચે પડી ગયો અને ત્રણ દિવસ બાદ મરણ પામી અભયદાનના પ્રભાવથી

શ્રેણિકરાજાને ત્યાં મેઘકુમાર તરીકે ઉત્પન્ન થયો, માટે હે મેઘમુનિ ! એ અશાતાના હિસાબે તેં હમણાં વેઠેલી અશાતા કંઈ વિસાતમાં નથી, માટે વિષાદ ખંખેરી નાખ અને પુનઃ તારા આત્માને ભાવ–સમાધિથી યુક્ત કરીને શ્રમણધર્મનું નિરતિચાર પાલન કર.'

શ્રમણ ભગવાન મહાવીરની આ વાણીએ મેઘકુમારના મનનું સંપૂર્ણ સમાધાન કર્યું અને તે નિરતિચાર દીક્ષા પાળી, પ્રાંતે અનશન કરી અનુત્તર દેવલોકમાં વિજય નામના દેવ-વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થશે, જ્યાંથી ચ્યવીને મહા-વિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરશે અને તે જ ભવમાં મોક્ષે જશે. સારાંશ કે–અભયદાન એ શ્રેષ્ઠ દાન અને તેનું ફલ સુગતિ કે મોક્ષ છે.

## ( ૧૬ ) જ્ઞાનદાન

જ્ઞાનદાનનો મહિમા અપૂર્વ છે, કારણ કે આ જગતમાં જળવાઇ રહેલાં ધર્મ કે તત્ત્વનાં ગૂઢ રહસ્યો તેને જ આભારી છે, વિકાસ પામેલી વિવિધ વિદ્યાઓ અને કલાઓ પણ તેને જ આભારી છે અને જીવનને સુરભિત કરી રહેલી સંસ્કારોની સુવાસ પણ તેને જ આભારી છે. જો જ્ઞાનદાનની પ્રથા અમલમાં ન હોત તો આમાંની કોઈ પણ વસ્તુ સંભવત નહિ.

શ્રી અરિહંત દેવો અનેક જન્મની કઠોર સાધના પછી સનાતન સત્યોનો સાક્ષાત્કાર કરે છે અને તેનું રહસ્ય પોતાના પટ્ટશિષ્યોને એટલે ગણધરોને આપે છે. એ ગણધર ભગવંતો પોતાના પરમ પ્રજ્ઞાતિશયથી તેની સુંદર સૂત્રોરૂપે રચના કરે

છે અને તેનું દાન શ્રમણસમુદાયને કરે છે. વળી એ શ્રમણ-સમુદાય-હિતબુદ્ધિથી પ્રેરાઈને-તેનું દાન વ્યાખ્યાન-વાણી દ્વારા કે સુંદર ગ્રંથરચનાઓ દ્વારા સમસ્ત માનવ સમાજને કરે છે; અને તો જ એ પરમ પુરુષોએ પ્રકાશેલાં ત્રિકાલાબાધિત સનાતન સત્યોનો પ્રચાર જગતભરમાં થાય છે. એ જ સ્થિતિ વિદ્યા, કલા અને સંસ્કારના ક્ષેત્રમાં છે. જો તેના પ્રણેતાઓએ તે તે વિદ્યા, તે તે કળા કે તે તે સંસ્કારોનું દાન પોતાના શિષ્યોને ન કરતા હોત કે તેમના શિષ્યો તે પ્રાપ્ત કર્યા પછી તેનું દાન પોતાના શિષ્યોને ન કરતા હોત તો પૃથ્વીના પટ પર આજે કોઈ વિદ્યા, કોઈ કલા કે કોઈ સંસ્કારની હસ્તી હોત ખરી ?

## (૧૭) વ્યાવહારિક અને પારમાર્થિક જ્ઞાન.

જ્ઞાન બે પ્રકારનું છેઃ એક વ્યાવહારિક અને બીજું પારમાર્થિક. તેમાં વ્યાવહારિક જ્ઞાનવડે સંસારના સર્વ વ્યવહારો સરલતાપૂર્વક ચલાવી શકાય છે અને પારમાર્થિક જ્ઞાનવડે આત્મા, કર્મ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરે તત્ત્વોનો નિર્ણય કરી શકાય છે. આ બે પ્રકારના જ્ઞાનમાં પારમાર્થિક જ્ઞાન ઉત્તમ છે કારણ કે દુઃખ પરંપરાથી ભરેલા ભવાબ્ધિનો પાર તેના વડે જ પામી શકાય છે.

## (૧૮) પારમાર્થિક જ્ઞાન પામવાની રીત.

પારમાર્થિક જ્ઞાન પામવાની ઈચ્છાવાળા મુમુક્ષુએ સદ્ગુરુની સમીપે જવું જોઈએ અને તેમને ભક્તિભાવથી વંદન કરીને વિનય તથા બહુમાનપૂર્વક તેમનો ઉપદેશ સાંભળવો જોઈએ. તો જ પારમાર્થિક જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેટલાક મનુષ્યો એમ

માને છે કે પારમાર્થિક જ્ઞાનની પ્રાપ્તિ પણ વ્યાવહારિક જ્ઞાનની જેમ શાસ્ત્રો વાંચવાથી કે પુસ્તકોનું પઠન કરવાથી થાય છે, પણ તે એક ગંભીર ભૂલ છે, કારણ કે જ્ઞાન એ કોઈ પાર્થિવ પદાર્થ નથી કે જેનું વિતરણ અંતરની ઇચ્છાવિના–ચિત્તની પ્રસન્નતા વિના અન્યને કરી શકાય. તેથી જ અનુભવીઓએ એલાન કર્યું છે કે 'હે મહાનુભાવો! ગુરુ વિના આ જગત્માં સાચું જ્ઞાન એટલે કે પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

લૌકિક શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**"तद्विद्धि प्रणिपातेन, परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यंति ते ज्ञानं, ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥"**

'સદ્ગુરુની પાસે જઈ પ્રણામ કરવા પછી 'આત્મા કોણ?' 'પરમાત્મા કોણ?' 'મોક્ષ શું?' 'બંધ શું?' 'હું કોણ?' 'મારું સ્વરૂપ શું?' વગેરે પ્રશ્નો પૂછવા, તેમજ વિવિધ પ્રકારે સેવા કરીને તેમને પ્રસન્ન કરવા. એ રીતે પ્રસન્ન થયેલા તત્ત્વદર્શી જ્ઞાની ગુરુ જ (આત્મ)જ્ઞાનનો ઉપદેશ કરે છે.'

## (૧૯) કેવા ગુરુ પારમાર્થિક જ્ઞાન આપી શકે?

'કેવા ગુરુ પારમાર્થિક જ્ઞાન આપી શકે?' એનો ઉત્તર આપતાં નિર્ગ્રંથ મહર્ષિઓ જણાવે છે કે—

**'संविग्गो गीयत्थो, मज्झत्थो देसकालभावण्णू ।**
**नाणस्स होइ दाया, जो सुद्धपरूवओ साहू ॥'**

'જે સાધુ પુરુષ **સંવિગ્ન** એટલે સંસારના સ્વરૂપથી વૈરાગ્ય પામેલા હોય, **ગીતાર્થ** એટલે સૂત્ર અને અર્થને બરા-

ખર જાણનારો હોય, **મધ્યસ્થ** એટલે રાગ અને દ્વેષની મંદ પરિણતિવાળો હોય, અર્થાત્ કદાગ્રહી ન હોય, **દેશકાલજ્ઞ** એટલે જુદા જુદા દેશોના રીતરિવાજ અને જુદા જુદા સમયની લોક-માનસ પર પડી રહેલી અસરોનો જ્ઞાતા હોય અને **શુદ્ધપ્રરૂપક** એટલે શાસ્ત્રોમાં જણાવ્યા મુજબની શુદ્ધ ધર્મદેશના દેતા હોય તે પારમાર્થિક જ્ઞાનનો દાતા થઈ શકે છે.'

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના ત્રીજા અધ્યાયમાં કહ્યું છે કે—

"**तस्माद् गुरुं प्रपद्येत, जिज्ञासुः श्रेय उत्तमम् ।**
**शाब्दे परे च निष्णातं, ब्रह्मण्युपशमाश्रयम् ॥**"

'ઉત્તમ પ્રતિનું કલ્યાણ કેમ થાય? તે જાણવાની ઈચ્છા-વાળા પુરુષે શાસ્ત્રનિપુણ, અનુભવી અને આત્મશાંતિમાં લીન એવા ગુરુની સમીપે જવું; કારણ કે એવા ગુરુ જ સાચું જ્ઞાન આપી શકે છે.'

## (૨૦) પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત કરવાનાં પગથિયાં

જૈન શાસ્ત્રકારોના અભિપ્રાયથી પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત કરવાનાં પગથિયાં પાંચ છેઃ વાચના, પ્રચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. તેમાં ગુરુ આગળથી વિનયપૂર્વક શાસ્ત્રપાઠ અને તેના અર્થો ગ્રહણ કરવા તે **વાચના** છે. તે શાસ્ત્રપાઠ અને તેના અર્થો પરથી ઉપસ્થિત થતા મુદ્દાઓ પર પ્રશ્નો કરી યોગ્ય સમાધાન મેળવવું તે **પ્રચ્છના** છે. એ રીતે વાચના અને પ્રચ્છનાદ્વારા પ્રાપ્ત કરેલા જ્ઞાનની વારંવાર

આવૃત્તિ કરવી તે **પરાવર્તના** છે અને તેના પર ઊંડું ચિંતન કરવું તે **અનુપ્રેક્ષા** છે. તથા એ રીતે પ્રાપ્ત કરેલા જ્ઞાનનું અધિકારી આત્માઓને દાન કરવું તે **ધર્મકથા** છે.

વેદાંતી મહાત્માઓએ પારમાર્થિક જ્ઞાનની પ્રાપ્તિ માટે ત્રણ પગથિયાં બતાવ્યાં છેઃ શ્રવણ, મનન અને નિદિધ્યાસન. તેમાં એકાગ્ર ચિત્તે ગુરુનો ઉપદેશ સાંભળવો તે **શ્રવણ** છે, તેના પર વારંવાર વિચાર કરવો તે **મનન** છે અને તેનું ઊંડું ચિંતન કરવું કે તેમાં તદાકાર થવું તે નિદિધ્યાસન છે.

ઉપરના પાંચ પગથિયાનો અને આ ત્રણ પગથિયાનો સાર એક જ છે કે–મુમુક્ષુ આત્માએ સત્યપ્રાપ્તિની પરમ જિજ્ઞાસાથી ગુરુ પાસે જવું અને તેમની પાસેથી ધર્મોપદેશ શ્રવણ કરવો કે શાસ્ત્રપાઠ અને તેના અર્થો ગ્રહણ કરવા અને એ ગ્રહણ કરેલા ઉપદેશ કે શાસ્ત્રપાઠ અને તેના અર્થો પર જરૂર લાગે તો પ્રશ્નો કરીને સમાધાન મેળવવું અને તેના પર વારંવાર વિચાર કરીને તેની ઉપયુક્તતા મનમાં ઠસાવવી; તથા તે પ્રમાણે વર્તવાનો પ્રબળ પુરુષાર્થ કરવો; તો જ પારમાર્થિક જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેનાં મધુર ફલ તરીકે જીવનમુક્ત-દશાનો અનુભવ કરી શકાય છે.

આર્ય મહર્ષિઓનો એ આખરી નિર્ણય છે કે–પારમાર્થિક જ્ઞાન વિના ભયાનક ભવપરંપરાનો અંત આવી શકતો નથી કે જેના લીધે પ્રાણીઓને જન્મ, મરણ અને જરાની અકથ્ય વેદનાઓ અનુભવવી પડે છે. અને તે જ કારણે તેમણે પ્રચંડ

ઉદ્ઘોષણા કરીને જણાવ્યું છે કે 'ज्ञानस्य फलं विरतिः।' સાચું જ્ઞાન તે જ છે કે જેનું ફલ વિરતિ છે–ચારિત્રનું ઉત્તમ પ્રકારે ઘડતર છે.'

આવા જ્ઞાનનું દાન સ્વ અને પરનો ઉપકાર કરે તથા અભ્યંતર તપરૂપ હોઇને કર્મની નિર્જરા કરવાપૂર્વક મુક્તિનાં મહાસુખ ચખાડે, એ સ્વાભાવિક છે.

## (૨૧) અનિષ્ટ જ્ઞાનદાન

જે જ્ઞાનદાન થવાથી હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર તથા અસંતોષને ઉત્તેજન મળતું હોય, તે જ્ઞાન–દાન ઇષ્ટ નથી, કારણ કે તેથી આપનાર અને લેનાર બંને પાપ–પંકથી ખરડાય છે. આ વાત વધારે સ્પષ્ટ સમજવા માટે મત્સ્યોત્પત્તિનો પ્રબંધ વિચારવા યોગ્ય છે.

## (૨૨) મત્સ્યોત્પત્તિ પ્રબંધ.

રૂદ્રદેવ નામના એક આચાર્ય યોનિપ્રાભૃત નામના શ્રુત-તત્ત્વના જ્ઞાતા હતા કે જેમાં ઔષધપ્રયોગથી વિવિધ પ્રાણીઓને કેમ બનાવવાં તેનું વર્ણન આવે છે. તેઓ એક દિવસ પોતાના ખાસ શિષ્યોને એકાંતમાં મત્સ્યોત્પત્તિનો વિષય સમજાવતા હતા, જે એક મચ્છીમારે ભીંતના આંતરે રહીને સાંભળી લીધો. પછી દુકાળ પડતાં નદી–નવાણ સૂકાઇ ગયાં અને મત્સ્યની ઉત્પત્તિ ઓછી થઇ ગઈ, એટલે તે મચ્છીમાર સાંભળેલા શ્રુત-પ્રયોગથી મત્સ્યો બનાવવા લાગ્યો અને તેના વડે પોતાનો તથા કુટુંબનો નિર્વાહ કરવા લાગ્યો. એ રીતે જ્યારે તે આખો

દુકાળ પાર કરી ગયો ત્યારે એક દિવસ આચાર્ય પાસે જઈને કહેવા લાગ્યો કે 'હે પ્રભો ! આપનો હું અત્યંત આભારી છું. જો આપે કહેલો મત્સ્યપ્રયોગ મારા સાંભળવામાં ન આવ્યો હોત તો આ વ્યતીત થયેલા દુકાળમાં મારી શું હાલત થઈ હોત તે હું કહી શકતો નથી. અર્થાત્ આપે કહેલા મત્સ્યપ્રયોગથી મેં ઘણા મત્સ્યો બનાવ્યા અને તેનાથી હું દુકાળને તરી ગયો.'

મચ્છીમારના આ શબ્દો સાંભળીને આચાર્યને અત્યંત પશ્ચાત્તાપ થયો. તેઓ વિચારવા લાગ્યા કે 'અરે ! મેં આ શું કર્યું ? હવે આ મચ્છીમાર જીવતાં સુધી મત્સ્યો બનાવ્યા જ કરશે અને ભારે પાપ ઉપાર્જન કરશે, તેનો હું નિમિત્ત બન્યો ! માટે કોઈ એવો ઉપાય કરું કે જેથી એ પોતે પાપ કરવાનું તજી દે.' પછી તેમણે એ મચ્છીમારને કહ્યું: 'હે ભદ્ર ! તેં જે પ્રયોગ જાણ્યો છે, તે મામૂલી છે. તેનાથી બહુ બહુ તો આજીવિકા મળે પણ જન્મનું દળદર ફીટે નહિં, માટે એક બીજો પ્રયોગ સાંભળ કે જેના વડે તું મહામૂલ્યવાળાં રત્નો બનાવી શકીશ અને મોટો ધનવાન બનીને સુખી થઈશ. પરંતુ આ પ્રયોગ સિદ્ધ ત્યારે જ થાય છે કે જ્યારે જીવન-પર્યંત જીવવધ અને માંસભક્ષણનો ત્યાગ કરવામાં આવે છે.'

આચાર્યના આ વચનો સાંભળીને મચ્છીમારે કહ્યું:— 'પ્રભો ! જીવવધથી પાપ થાય છે, એ હું પણ જાણું છું; પરંતુ શું કરું ? પાપી પેટ વળગ્યું છે, તેની ખાતર એ પાપ કરવું પડે છે. પરંતુ આપ કહો છો તેમ જો રત્નપ્રયોગ સિદ્ધ થતો હોય તો હું જીવનપર્યંત જીવવધ કે માંસભક્ષણ કરીશ નહિ.' એટલે આચાર્યે તેને રત્નપ્રયોગ બતાવ્યો અને

તેના લીધે તે મચ્છીમાર શ્રીમંત બનીને સુખી થયો. તાત્પર્ય કે-હિંસાદિ પંચાસ્રવને ઉત્તેજન આપનારું જ્ઞાનદાન ઈષ્ટ નથી.

## ( ૨૩ ) પારમાર્થિક જ્ઞાનની મુખ્યતા—

આર્ય મહર્ષિઓએ આ સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને પારમાર્થિક જ્ઞાનને મુખ્ય માન્યું હતું અને વ્યાવહારિક જ્ઞાનને તેના પેટામાં સમાવ્યું કે જેથી મનુષ્યનો જીવન-વ્યવહાર ઓછામાં ઓછી હિંસાથી ચાલે અને તેનું મુખ્ય લક્ષ્ય ધર્મારાધન તરફ રહ્યા કરે. પરંતુ આધુનિક વિજ્ઞાન કે જેને હાથ, પગ તથા માથું છે પણ નાનકડું યે હૃદય નથી, તેણે આર્ય મહાપુરુષોની એ અનુભવસિદ્ધ યોજનાની અવગણના કરી અને કોરા વ્યાવહારિક શિક્ષણની યોજના કરી. તેનું પરિણામ એ આવ્યું કે-મનુષ્યો ભ્રાતૃભાવને છેક જ ભૂલી ગયા, સૌજન્ય અને સહૃદયતાને સદંતર વિસરી ગયા તથા પોતાનો માની લીધેલો સ્વાથ સાધવા ગમે તેટલી ઘોર હિંસા કરવા લાગ્યા. આજે સર્વ-સંહારક યુદ્ધની જ્વાલા પ્રકટી રહી છે તે શેને આભારી છે? આજે સંઘરાખોરી અને કાળાં બજારની બદબો સર્વત્ર ફેલાઇ રહી છે તે શેને આભારી છે? આજે ન્યાય અને નીતિનું છડેચોક લીલામ થઇ રહ્યું છે તે શેને આભારી છે? અને આજે બેકારી, બેવફાઈ અને બૂરી આદતોનું જે બેહૂદું પ્રદર્શન થઇ રહ્યું છે તે પણ શેને આભારી છે? એ બધાના મૂળ પારમાર્થિક જ્ઞાન વિનાની વ્યાવહારિક કેળવણીમાં રહેલાં છે.

આ પરિસ્થિતિ દૂર કરવા માટે ત્યાગી મહાત્માઓએ પોતાની વિશદ-વિમલ વાણીનો પ્રવાહ વધારે જોરથી આ

દિશામાં વહેવડાવવાની જરૂર છે અને ધર્મનિષ્ઠ ધનિકોએ પોતાના ધનનો ઉપયોગ નીચેનાં કાર્યોમાં કરવાની અનિવાર્ય અગત્ય છે.

## (૨૪) જ્ઞાનદાનની કેટલીક યોજનાઓઃ—

(૧) ધર્મશિક્ષણને કેન્દ્રસ્થાને રાખી વ્યાવહારિક શિક્ષણને યોજતી વિદ્યાપીઠ કે શિક્ષાપીઠની સ્થાપના કરવી.

(૨) સ્થળે સ્થળે ધર્મ વિદ્યાલયો સ્થાપવાં.

(૩) જ્યાં ધર્મ વિદ્યાલયો સ્થાપવાનું શક્ય ન હોય ત્યાં નાની પાઠશાળાઓ સ્થાપવી.

(૪) માત્ર વ્યાવહારિક શિક્ષણ સંસ્થાઓમાં ધર્મ સંસ્કારો આપી શકાય તેવી વ્યવસ્થા કરવી.

(૫) ધાર્મિક સાહિત્યનું નૂતન ઢબે સર્જન અને પ્રકાશન કરવું કે જેના ઉપયોગથી સંસ્કારો સુધરે અને આંતરિક વલણ ધર્માભિમુખ થાય.

(૬) ધાર્મિક પુસ્તકોની છૂટથી પ્રભાવના કરવી.

(૭) ધર્મપુસ્તકાલયો ઊભા કરવાં અને તેનો પ્રજાદ્વારા ઉપયોગ થાય તેવા સર્વ પ્રયત્નો કરવા.

(૮) ધર્મ અને નીતિના સંસ્કારોને દૃઢ કરે તેવાં પુસ્તકોની પેટીઓ તૈયાર કરવી અને તે જુદા જુદા કસ્બાઓમાં કે લતાઓમાં ફેરવવી.

(૯) ધાર્મિક ચિત્રમાળાઓ તૈયાર કરાવવી અને તેનાં પ્રદર્શનો યોજવાં.

(૧૦) ધાર્મિક લેખનને ઉત્તેજન મળે તેવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવી.

## (૨૫) ઉપષ્ટંભ-દાન

આહાર, પાણી, વસ્ત્ર, ઔષધ, પીઠ, ફલક, વસતિ વગેરેનું સુપાત્રને દાન કરવું તે ઉપષ્ટંભદાન કહેવાય છે. અહીં ઉપષ્ટંભ શબ્દથી જીવનને ટેકો આપે તેવી વસ્તુઓ સમજવી. શાસ્ત્રોમાં કહ્યું છે કે—

" आहारवसहिवत्थाइएहिं नाणीणुवग्गहं कुज्जा।
जं भवगयाण नाणं, देहेण विणा न संभवइ ॥ "

'સુજ્ઞ પુરુષોએ આહાર, વસતિ અને વસ્ત્રો વગેરેવડે જ્ઞાની પુરુષોનો ઉપગ્રહ કરવો, કારણ કે સંસારમાં રહેલા પ્રાણીઓનું જ્ઞાન દેહ વિના સંભવતું નથી.'

" देहो य पोग्गलमओ, आहाराईहिं विरहिओ न भवे।
तदभावे य न नाणं, नाणेण विणा कओ तित्थं ? ॥ "

દેહ પુદ્ગલમય છે. તે આહારાદિ વિના ટકી શકતો નથી, અને તેના અભાવે જ્ઞાન પણ સંભવતું નથી, તથા જ્ઞાન સંભવતું નથી ત્યાં તીર્થ કેવું ? અર્થાત્ ધર્મરૂપી તીર્થ કે શાસનનો આધાર જ્ઞાનીઓ-મુનિઓ છે અને મુનિઓને ટકવાનો આધાર આહારાદિ ઉપષ્ટંભનું દાન છે. તેથી જેઓ ઉપષ્ટંભનું દાન કરે છે તેઓ શાસનને ટકાવવાનું મહાપુણ્ય ઉપાર્જન કરે છે.

"ववसायफलं विहवो, विहवस्स फलं सुपत्तविणिओगो ।
तयभावे ववसाओ, विहवो वि अ दुग्गइनिमित्तं ॥"

'જુદા જુદા વ્યવસાયો કરવાનું ફલ વૈભવની પ્રાપ્તિ છે અને વૈભવની પ્રાપ્તિનું ફલ સુપાત્રને દાન છે. જો વ્યવસાય અને વૈભવ પ્રાપ્ત થયે છતે સુપાત્રને દાન ન કર્યું તો તે વ્યવસાય અને વૈભવ દુર્ગતિનાં કારણ બને છે.'

## (૨૬) સુપાત્ર અને કુપાત્રનો વિચાર

સ્વાતિ નક્ષત્રમાં વર્ષતું વરસાદનું પાણી એક હોવા છતાં જો તે સર્પના મુખમાં પડે છે તો વિષ બને છે અને છીપના મુખમાં પડે છે તો સાચું મોતી બને છે, એટલે સુપાત્ર અને કુપાત્રનો વિચાર ઉપયુક્ત છે.

## (૨૭) સુપાત્રની વ્યાખ્યા

'સુપાત્ર કોને કહેવાય?' તેના ઉત્તરમાં નિર્ગ્રંથ મહર્ષિ-ઓએ જણાવ્યું છે કે—

"ज्ञानं क्रिया च द्वयमस्ति यत्र,
तत् कीर्तितं केवलिभिः सुपात्रम् ।
श्रद्धाप्रकर्षप्रसरेण दानं,
तस्मै प्रदत्तं खलु मोक्षदायि ॥"

'જ્યાં જીવાજીવાદિ તત્ત્વોનું જ્ઞાન છે અને સંયમ તથા તપરૂપ ક્રિયા છે તેને કેવલી ભગવંતોએ સુપાત્ર કહેલાં છે. તેમને અત્યંત શ્રદ્ધાપૂર્વક દીધેલું દાન મોક્ષને આપનારું થાય છે.'

## (૨૮) સુપાત્રની દુર્લભતા

સુપાત્રનો યોગ સહજ નથી, તે માટે જ કહેવાયું છે કે—

" कत्थवि तवो न तत्तं, कत्थवि तत्तं न सुद्धचारित्तं ।
तवतत्तचरणसहिआ, मुणिणो वि अ थोवसंसारे ॥ "

'કોઈકમાં તપ એટલે ક્રિયા હોય છે પણ તત્ત્વ એટલે જ્ઞાન હોતું નથી અને કોઈકમાં જ્ઞાન હોય છે તો શુદ્ધ ક્રિયા હોતી નથી. ખરેખર ! આ સંસારમાં તપ અને તત્ત્વથી સંયુક્ત એટલે ક્રિયાવંત અને જ્ઞાની મુનિઓ બહુ જ થોડા છે.'

આવા ક્રિયાવંત અને જ્ઞાની મુનિઓને અપાયેલું આહારાદિનું દાન અનંતગુણ ફલવાળું થાય છે. કહ્યું છે કે—

" व्याजे स्याद् द्विगुणं वित्तं, व्यवसाये चतुर्गुणम् ।
क्षेत्रे शतगुणं प्रोक्तं, पात्रेऽनन्तगुणं पुनः ॥ "

'જો વ્યાજ ઉપજાવવામાં આવે તો ધન બમણું થાય છે, જો ધંધો કરવામાં આવે તો ધન ચોગણું થાય છે, જો ખેતી કરવામાં આવે તો ધન સોગણું થાય છે પરંતુ તેનો ઉપયોગ સુપાત્રને વિષે કરવામાં આવે તો તે અનંતગણું થાય છે.'

" यस्य कोष्ठगतं ह्यन्नं, ब्रह्मचर्येण जीर्यते ।
स तारयति दातार-मात्मानं च न संशयः ॥ "

'જેના કોઠામાં ગયેલું અન્ન બ્રહ્મચર્યવડે પાચન થાય છે તે પોતાના આત્માને તથા દાતારને તારે છે; તેમાં સંશય નથી, અર્થાત્ જેઓ બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય આદિ ગુણોથી

વિભૂષિત સાધુપુરુષો છે તેમને દાન આપનારો દાતાર અવશ્ય આ સંસારને તરી જાય છે.

સુપાત્રદાન ઉપર ધન સાર્થવાહની કથા જાણવા જેવી છે.

## ( ૨૯ ) ધન સાર્થવાહની કથા.

જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. ત્યાં ધન નામનો એક ધનવાન સાર્થવાહ રહેતો હતો. જે ઔદાર્ય–ગાંભીર્ય–ધૈર્ય આદિ ગુણોથી વિભૂષિત હતો. એક વખત તેણે વેપાર અર્થે વસંતપુર જવાનો વિચાર કર્યો અને પોતાના માણસો પાસે નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે–' હે નગરજનો ! ધન સાર્થવાહ વસંતપુર જવાના છે, માટે જેમને ચાલવું હોય તે ચાલો. તે ભાતાંની જરૂરવાળાને ભાતું આપશે, પાત્રની જરૂરવાળાને પાત્ર આપશે અને વાહનની જરૂરવાળાને વાહન આપશે; વળી માર્ગમાં ચોર–ચખાર અને વાઘ–વરુથી સહુનું રક્ષણ કરશે. '

આ ઉદ્‌ઘોષણા સાંભળીને ઘણા માણસો તેની સાથે જવાને તૈયાર થયા. તે વખતે ક્ષાંત, દાંત અને નિરારંભી એવા ધર્મઘોષ નામના આચાર્ય તેની પાસે આવ્યા. એટલે તે સાર્થવાહે જલ્દી ઊભા થઈને, બે હાથ જોડીને, વિનયપૂર્વક તેમને વંદન કર્યું અને આગમનનું કારણ પૂછ્યું. આચાર્યે કહ્યું: ' મહાનુભાવ ! અમે પણ સપરિવાર તમારી સાથે વસંતપુર આવીશું, ' તે સાંભળીને ધન સાર્થવાહે કહ્યું: ' પ્રભો ! આપ ઘણી ખુશીથી મારી સાથે ચાલો. હું આપનું સર્વ ઉચિત સાચવીશ. ' અને તેણે પોતાના માણસોને આજ્ઞા કરી કે–' તમારે આ આચાર્ય

મહારાજ અને તેમના પરિવાર માટે રોજ અન્નપાન વગેરે તૈયાર કરવા.' એટલે આચાર્યે કહ્યું કે-'મહાનુભાવ! સાધુઓને પોતાને માટે કરેલો, કરાવેલો અને સંકલ્પેલો આહાર કલ્પતો નથી. વળી વાવ, કૂવા અને તળાવમાં રહેલું સચિત્ત જળ, અગ્નિ વિગેરે શસ્ત્રો પરિણમ્યા વિના સચિત્ત થતું નથી તેથી તે પણ કલ્પતું નથી.' એવામાં કોઈ માણસે આવીને સાર્થવાહ પાસે પાકી કેરીઓનો થાળ મૂક્યો; તેથી તેણે હર્ષિત મનવાળા થઈને કહ્યું: 'ભગવન્! આપ આ તાજાં ફળો ગ્રહણ કરીને મારા પર અનુગ્રહ કરો.' તેના પ્રત્યુત્તરમાં આચાર્યે કહ્યું કે-'હે દેવાનુપ્રિય! સાધુઓને સચિત્ત વસ્તુઓનો ત્યાગ હોય છે, તેથી આ સચિત્ત ફળો લેવાં અમને કલ્પતાં નથી.' આ સાંભળી વિસ્મય પામેલો ધન સાર્થવાહ બોલ્યો કે-'આપનાં વ્રત-નિયમો અતિ દુષ્કર જણાય છે, તો પણ આપ મારી સાથે ચાલો. આપને કલ્પતાં હશે તેવાં આહાર-પાણી આપીશ.' પછી તેણે વંદન કરીને આચાર્યને વિસર્જ્યા.

હવે ધન સાર્થવાહે મંગળ મુહૂર્તે મોટા કાફલા સાથે પ્રયાણ કર્યું અને ધર્મઘોષ આચાર્ય પણ સંપરિવાર તેમની સાથે ચાલ્યા. તેઓ વિષમ વનોને વટાવતાં, નાનાં-મોટાં નદી-નાળાંને ઓળંગતાં અને ઊંચી-નીચી ભૂમિને પસાર કરતાં અનુક્રમે એક મહાઅરણ્યમાં આવી પહોંચ્યા. તે વખતે વર્ષાઋતુએ પોતાનું તાંડવ શરુ કર્યું અને જવા-આવવાના સર્વ માર્ગોને કાંટા, કાદવ અને પાણીથી ભરી દીધા. આથી આગળ વધવાનું અશકય જાણીને ધન સાર્થવાહે તે જ અરણ્યમાં સ્થિરતા કરી અને સંઘના સર્વ માણસોએ વર્ષાઋતુ નિર્ગમન

કરવા માટે ત્યાં નાના–મોટા આશ્રયો ઊભા કર્યાં. સાચું જ કહ્યું છે કે–દેશકાલને ઉચિત ક્રિયા કરનારાઓ દુઃખી થતા નથી.

ધર્મઘોષ આચાર્યે આવા એક આશ્રયને યાચીને તેમાં પોતાના શિષ્યો સહ આશ્રય લીધો અને તેઓ સ્વાધ્યાય, તપ તથા ધર્મધ્યાનમાં પોતાનો સમય વીતાવવા લાગ્યા.

હવે અણધાર્યું લાંબું રોકાણ થવાથી ખાધખોરાકી ખૂટી ગઇ અને સાર્થના લોકો કંદ, મૂળ તથા ફલફૂલાદિ પર નિર્વાહ કરવા લાગ્યા. આ વાતની જાણ થતાં ધન સાર્થવાહ ચિંતાતુર બન્યો અને સહુની ચિંતા કરવા લાગ્યો. આ રીતે એક રાત્રિના પાછલા પ્રહરે સહુની ચિંતા કરતાં તેને યાદ આવ્યું કે ‘ મારી સાથે ધર્મઘોષ આચાર્ય તેમના પરિવાર સાથે આવેલા છે. તેઓ પોતાને માટે કરેલું, કરાવેલું કે સંકલ્પેલું લેતા નથી. વળી સર્વ સચિત્ત વસ્તુના ત્યાગી છે, તો તેઓ અત્યારે પોતાનો નિર્વાહ કેવી :રીતે કરતા હશે ? મેં માર્ગમાં તેમનું સર્વ ઉચિત કરવાનું અંગીકાર કર્યું હતું, પરંતુ આજસુધી કંઇ સારસંભાળ લીધી નથી. અહો ! મેં આ શું કર્યું ? હવે હું તેમને મારું મુખ કેવી રીતે બતાવીશ ? ’

પછી પ્રાતઃકાલ થતાં ઉજ્વલ વસ્ત્રાભૂષણ ધારણ કરીને તે સાર્થવાહ પોતાના ખાસ માણસોને સાથે લઇને આચાર્યના આશ્રય પ્રત્યે ગયો. ત્યાં ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષની મૂર્તિ સમા આચાર્ય તેના જોવામાં આવ્યા. તેમની આસપાસ બીજા મુનિઓ બેઠેલા હતા, જેમાંનાં કોઇએ ધ્યાન ધર્યું હતું, કોઇએ મૌનનું અવલંબન લીધું હતું, કોઇએ કાયોત્સર્ગ કર્યો

હતો, કોઈ આગમની વાચના આપતા હતા, કોઈ આગમનું અધ્યયન કરતા હતા, કોઈ ભૂમિનું પ્રમાર્જન કરતા હતા, કોઈ ગુરુને વંદન કરતા હતા, કોઈ ધર્મકથા કરતા હતા અને કોઈ તત્ત્વની ચર્ચામાં મશગૂલ હતા. જ્ઞાન-ધ્યાન અને તપ-જપના આ પવિત્ર વાતાવરણની ધન સાર્થવાહના મન પર ઊંડી અસર થઇ. પછી તેણે આચાર્યશ્રીને વંદન કર્યું તથા બીજા મુનિઓને પણ ક્રમશઃ નમસ્કાર કર્યા અને છેવટે આચાર્યશ્રીના ચરણ સમીપે બેસીને ગદ્ગદ્ કંઠે કહ્યું કે 'પ્રભો! મારો અપરાધ ક્ષમા કરો. મેં આપની અત્યંત અવજ્ઞા કરી છે અને કંઇ પણ ઉચિત સાચવ્યું નથી. મારા આ પ્રમાદ માટે હું ખૂબ જ લજ્જિત થાઉં છું અને પશ્ચાત્તાપ કરું છું.'

ધન સાર્થવાહનાં આ વચનો સાંભળીને આચાર્યે કહ્યું: 'મહાનુભાવ! માર્ગમાં હિંસક પશુઓથી અને ચોર-ચખારથી તમે અમારી રક્ષા કરી છે, તેથી અમારો સર્વ પ્રકારે સત્કાર થયો છે. વળી તમારા સંઘના લોકો અમને યોગ્ય અન્નપાનાદિ આપે છે, તેથી અમને કંઈ પણ દુઃખ થયું નથી, માટે તમે જરા પણ ખેદ કરશો નહિ.'

સાર્થવાહે કહ્યું: 'સંતપુરુષો હમેશાં ગુણને જ જોનારા હોય છે તેમ આપ મારા ગુણને જ જુઓ છો, પણ મારા અપરાધને જોતા નથી. હવે હે ભગવાન્! આપ પ્રસન્ન થઈને સાધુઓને મારી સાથે ભિક્ષા લેવા મોકલો, જેથી હું ઇચ્છા પ્રમાણે અન્નપાન આપીને કૃતાર્થ થાઉં.' આચાર્યે કહ્યું-'વર્તમાન જોગ.' પછી સાર્થવાહ પોતાના રહેઠાણે ગયો ત્યારે બે સાધુઓ તેને ત્યાં ભિક્ષાર્થ ગયા, પણ દૈવયોગે તે સમયે તેના ઘરમાં સાધુને

વહોરાવવા યોગ્ય કંઇ પણ અન્નપાન હતું નહિ. આથી તેણે આમતેમ જોવા માંડયું, તે વખતે તાજા ઘીનો એક ગાડવો નજરે પડ્યો. એટલે તેણે કહ્યું: 'ભગવન્! આ તમારે કલ્પશે?' ત્યારે સાધુઓએ પોતાના આચાર પ્રમાણે 'ઇચ્છીએ છીએ' કહીને પોતાની પાસેનું પાત્ર ધર્યું. આ જોઇને સાર્થવાહનું સમસ્ત શરીર હર્ષથી રોમાંચિત થઇ ગયું અને 'હું ધન્ય થયો, હું કૃતાર્થ થયો, હું પુણ્યવાન થયો' એવી પ્રબલ ભાવનાપૂર્વક તેણે એ મુનિઓને ઘી વહોરાવ્યું. પછી તેણે એ મુનિઓને વંદન કર્યું એટલે તેઓ સર્વ કલ્યાણના સિદ્ધમંત્ર જેવો 'ધર્મલાભ' આપીને પોતાના આશ્રયમાં પાછા ફર્યા. આ દાનના પ્રભાવથી ધન સાર્થવાહને મોક્ષવૃક્ષના બીજરૂપ અતિ દુર્લભ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ.

રાત્રે ફરીને સાર્થવાહ આચાર્યના આશ્રયમાં ગયો અને અતિ ભક્તિભાવથી વંદન કરીને તેમના ચરણ સમીપે બેઠો. તે વખતે આચાર્યે ગંભીર વાણીથી ધર્મનો ઉપદેશ કરતાં કહ્યું કે-

'ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે, સ્વર્ગ અને મોક્ષને આપનાર છે તથા સંસારરૂપી દુસ્તર વનને ઓળંગવા માટે માર્ગદર્શક (માર્ગનો ભોમિયો) છે.

'ધર્મ માતાની પેઠે પોષણ કરે છે, પિતાની પેઠે રક્ષણ કરે છે, મિત્રની જેમ પ્રસન્ન કરે છે, બંધુની પેઠે સ્નેહ રાખે છે, ગુરુની પેઠે ઉજ્વળ ગુણોમાં આરૂઢ કરે છે અને સ્વામીની જેમ ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પ્રાપ્ત કરાવે છે.

'ધર્મ સુખનું મહાહર્મ્ય [પ્રાસાદ] છે, શત્રુરૂપ સંકટમાં અભેદ્ય બખ્તર છે અને જડતાનો નાશ કરનારું મહારસાયણ છે.

'ધર્મથી જીવ રાજા, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી અને ઇંદ્ર થાય છે તથા ત્રિભુવનપૂજિત તીર્થંકરપણાને પણ પ્રાપ્ત કરે છે. તાત્પર્ય કે-જગત્‌ની તમામ ઋદ્ધિ-સિદ્ધિ અને સકલ ઐશ્વર્ય ધર્મને આધીન છે.

આ ધર્મનું અનુષ્ઠાન દાન, શીલ, તપ અને ભાવની યથાર્થ આરાધનાથી થાય છે, તેમાં પણ દાનની શ્રેષ્ઠતા છે. કેમ કે-

" शीलादयोऽपि सत्पात्रदानस्यायान्ति सन्निधौ ।
माण्डलिकाः सदा यान्ति राजराजे निमन्त्रिते ॥ "

" રાજરાજેશ્વરનું નિમંત્રણ મળતાં માંડલિક રાજાઓ હમેશાં તેની પાસે આવે છે. તેમ સુપાત્ર દાનથી શીલ વગેરે બાકીના ધર્મપ્રકારો પણ આત્માની સમીપે આવે છે."

વળી—

" दानेन भूतानि वशीभवन्ति,
दानेन वैराण्यपि यान्ति नाशम् ।
परोऽपि बन्धुत्वमुपैति दानात्,
ततः पृथिव्यां प्रवरं हि दानम् ॥ "

(વિવિધ પ્રકારનાં અને વિવિધ સ્વભાવનાં) પ્રાણીઓ દાન-વડે જ વશ થાય છે; (જુદાં જુદાં કારણોથી બંધાયેલાં) અનેક પ્રકારનાં વૈરો દાનથી જ નાશ પામે છે; અને જે પારકો હોય

છે તે પણ દાનવડે પોતાનો થાય છે. તેથી આ પૃથ્વીમાં દાન એ જ શ્રેષ્ઠ ધર્મ છે.

અથવા—

पात्रे धर्मनिबंधनं, तदितरे प्रोद्यद्दयाख्यापकं,
मित्रे प्रीतिविवर्द्धकं, रिपुजने वैरापहारक्षमम् ।
भृत्ये भक्तिभरावहं, नरपतौ सन्मानपूजाप्रदं,
भट्टादौ च यशस्करं, वितरणं न क्वाप्यहो ! निष्फलम् ॥

જો દાન સુપાત્રને વિષે અપાયેલું હોય તો તે ધર્મોત્પત્તિનું કારણ બને છે, જો અન્યને અપાયેલું હોય તો કરુણાની કીર્તિને પ્રકાશનારું થાય છે, જો મિત્રને અપાયેલું હોય તો પ્રીતિને વધારનારું થાય છે, જો શત્રુને અપાયેલું હોય તો વૈરને નાશ કરનારું થાય છે, જો નોકર–ચાકરને અપાયેલું હોય તો તેમની સેવાવૃત્તિને ઉત્કટ બનાવનારું થાય છે, જો રાજાને અપાયું હોય તો સન્માન અને પૂજાને લાવનારું થાય છે અને જો ભાટ–ચારણને અપાયેલું હોય તો યશનો ફેલાવો કરનારું થાય છે. આમ કોઇ પણ ઠેકાણે અપાયેલું દાન નિષ્ફળ જતું નથી.

દાનથી ધનનો નાશ થતો નથી પણ વૃદ્ધિ થાય છે. તેથી જ કહેવાયું છે કે—

જે દીજે કર આપણે, તે પામો પરલોય;
દીજંતા ધન નિપજે, કૂપ વહંતો જોય.

જે આપણા હાથે કરીને આપીએ છીએ, તે જ આપણે

પરભવમાં પામીએ છીએ. દેવાથી ધન મળે છે, પણ ઘટતું નથી. કૂવો પોતાનું પાણી નિરંતર આપતો રહે છે, તો તેમાં નવા પાણીની આવક ચાલુ જ રહે છે.

આ રીતે નિત્ય ધર્મોપદેશ શ્રવણ કરતાં ધન સાર્થવાહ ધર્મમાર્ગમાં દૃઢ શ્રદ્ધાવંત થયો અને યથાશક્તિ ધર્મનું આરાધન કરવા લાગ્યો. પછી વર્ષાઋતુ નિર્ગમન થતાં અને માર્ગો સરલ થતાં તે સમસ્ત સાર્થ સાથે વસંતપુર પહોંચ્યો અને કરિયાણાંના ક્રય-વિક્રયથી ઘણું ધન કમાયો. અહીંથી ધર્મઘોષ આચાર્ય અન્યત્ર વિહાર કરી ગયા અને પોતાની પતિતપાવની ધર્મદેશનાવડે પૃથ્વીને પાવન કરવા લાગ્યા.

યથાસમયે ધન સાર્થવાહ પ્રતિષ્ઠાનપુર પાછો ફર્યો અને ધર્મના જે સંસ્કારો સાથે લેતો આવ્યો હતો તેને દૃઢ કરતો અનુક્રમે કાલધર્મને પામ્યો.

આ ધન સાર્થવાહ મુનિદાનના પ્રભાવથી બીજા ભવે ઉત્તરકુરુક્ષેત્રમાં યુગલીયારૂપે ઉત્પન્ન થયો, ત્યાંથી ચ્યવીને ચોથા ભવે પશ્ચિમ મહાવિદેહમાં વૈતાઢ્ય પર્વતને વિષે મહાબલ નામે વિદ્યાધર થયો અને સંસારના સ્વરૂપથી વૈરાગ્ય પામતાં અણગાર ધર્મથી પ્રવ્રજિત થયો. તેમાં અંતકાળે બાવીશ દિવસનું અણસણ કરીને કાલધર્મ પામતાં પાંચમા ભવે ઇશાન નામના દેવલોકમાં લલિતાંગ નામે દેવ થયો. ત્યાંથી ચ્યવીને છઠ્ઠા ભવે પૂર્વ મહાવિદેહના પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલા નામની નગરીમાં સુવર્ણજંઘ રાજાને ત્યાં વજ્રજંઘ નામે કુમારરૂપે ઉત્પન્ન થયો. અનુક્રમે તે રાજ્યનો સ્વામી થયો અને પુત્રને રાજ્ય

સોંપી પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનો વિચાર કરતો હતો, ત્યાં રાજ્ય-લોભી પુત્રે વિષપ્રયોગથી તેનું મરણ નિપજાવ્યું. સાતમા ભવે તે ઉત્તરકુરુક્ષેત્રમાં ફરી યુગલિયારૂપે ઉત્પન્ન થયો, આઠમા ભવે સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો, નવમા ભવે મહાવિદેહ ક્ષેત્રના ક્ષિતિપ્રતિષ્ઠત નગરમાં સુવિધિ વૈદ્યને ઘેર જીવાનંદ પુત્ર તરીકે ઉત્પન્ન થયો. આ રીતે દશમો, અગિયારમો તથા બારમો ભવ પણ સુગતિમાં પસાર કરીને તેરમા ભવે તે ભરત-ક્ષેત્રમાં નાભિકુલકર તથા મરુદેવીના પુત્ર તરીકે ઉત્પન્ન થયો અને **ઋષભદેવ** નામે પ્રથમ તીર્થંકર બની જગત્ પર અનેક પ્રકારના ઉપકારો કરી સિદ્ધ, બુદ્ધ અને નિરંજન થયો. તાત્પર્ય કે–સુપાત્ર દાનથી ધન સાર્થવાહનો આત્મા અનુક્રમે વિકાસ પામતો પોતાના આત્માનું આત્યંતિક કલ્યાણ કરી શકયો અને ભયંકર ભવારણ્યનો નિસ્તાર પામ્યો.

## (૩૦) સુપાત્રને વિષે ભકિત રાખવી.

કોઈ પણ સાધુ–મુનિરાજ પોતાને ત્યાં પધારે એ જોઇને દાતાને અત્યંત હર્ષ થવો જોઇએ કે ‘ અહો ! હું ધન્ય છું, હું કૃતપુણ્ય છું કે મારા આંગણે સમતાના સાગર, ગુણના આગર, જ્ઞાની, ધ્યાની, ક્રિયાશીલ, ચારિત્રવાન્ મહાપુરુષનો યોગ પરમ ભાગ્યથી જ પ્રાપ્ત થાય છે.’ કહ્યું છે કે—

> “ शैले शैले न माणिक्य, मौक्तिकं न गजे गजे ।
> साधवो न हि सर्वत्र, चन्दनं न वने वने ॥ ”

‘ દરેક પર્વતમાંથી રત્ન નીકળતાં નથી, દરેક હાથીનાં કુંભ-

સ્થળમાંથી મોતી પ્રાપ્ત થતાં નથી અને દરેક વનમાં ચંદનનાં વૃક્ષો હોતાં નથી. તે જ રીતે જગતમાં સર્વત્ર સાધુજનો હોતા નથી, પરંતુ કોઈક જ સ્થળે હોય છે અને પુણ્યના પ્રકર્ષથી જ તેમના દર્શન-સહવાસ-ઉપદેશનો લાભ મળે છે.'

સુપાત્રને વિષે કરુણાબુદ્ધિ રાખવાથી એટલે કે તેમને બિચારા-બાપડા માનીને દાન દેવાથી દોષના ભાગી બનાય છે. કહ્યું છે કે—

" अनुकम्पाऽनुकम्पे स्याद्, भक्तिः पात्रे तु सङ्गता ।
अन्यथाधीस्तु दातॄणा-मतिचारप्रसञ्जिका ॥ "

" અનુકંપા કરવા યોગ્યને વિષે અનુકંપા કરવી અને પાત્રને વિષે ભક્તિ કરવી. તેથી અન્ય રીતે વર્તતાં એટલે અપાત્રને વિષે કરુણાબુદ્ધિ રાખતાં અતિચારનો પ્રસંગ આવી પડે છે."

## ( ૩૧ ) અનુકંપાદાન.

દીન-દુઃખીને સહાય કરવા નિમિત્તે જે કંઈ દાન કરવું તે અનુકંપા દાન કહેવાય છે. તેમાં પાત્રાપાત્રની વિચારણા કરવાની નથી. કહ્યું છે કે—

" इदं मोक्षफलं दाने, पात्रापात्रविचारणा ।
दयादानं तु सर्वज्ञैः, कुत्रापि न निषिध्यते ॥ "

મોક્ષના હેતુથી જે દાન દેવાનું છે તેમાં પાત્રાપાત્રની વિચારણા કરવી ઘટે છે, પણ જે દાન દયા, કરુણા કે અનુકંપાબુદ્ધિથી દેવાનું છે, તેમાં પાત્રાપાત્રની વિચારણા કરવાની

આવશ્યકતા નથી, કારણ કે સર્વજ્ઞોએ એવા દાનનો કોઈ પણ સ્થળે નિષેધ કરેલો નથી.

" दीनादिकेभ्योऽपि दयाप्रधानं,
दानं तु भोगादिकरं प्रधानम् ।
दीक्षाक्षणे तीर्थकृतोऽपि पात्रा-
पात्रादिचर्यां ददतो न चक्रुः ॥ "

દીન-દુઃખીઓને દયાની ભાવનાથી અપાતું દાન શ્રેષ્ઠ છે અને ભોગાદિ સામગ્રીઓને અપાવનારું છે. દીક્ષા લેવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં તીર્થંકરો એક વર્ષ સુધી જે દાન આપે છે, તેમાં પાત્ર-અપાત્રનો વિચાર કરતા નથી, પરંતુ સર્વને સમાન બુદ્ધિથી દાન આપે છે.

શ્રી મહાવીર પ્રભુએ દીક્ષા લીધા પછી અર્ધું વસ્ત્ર બ્રાહ્મણને આપ્યું હતું તથા આર્યસુહસ્તિસૂરિએ રંકોને અન્નદાન આપ્યું હતું, તે પ્રસંગો આ વિષયમાં પ્રમાણરૂપ છે.

સમભાવની સિદ્ધિ માટે શાસ્ત્રકારોએ જે ચાર ભાવનાઓ કહેલી છે, તેમાં કારુણ્ય ભાવનાને પણ ખાસ સ્થાન આપેલું છે. કારુણ્યભાવના એટલે કોઈ પણ પ્રાણીને દુઃખ, આફત, મુશીબત કે વિટંબણામાં પડેલ જોઇને સમવેદના અનુભવવી તથા તેને સહાય કરવાની વૃત્તિ રાખવી. જો આવી સમવેદના ન અનુભવાય અને સહાય કરવાની વૃત્તિ ઉત્પન્ન ન થાય તો સમજવું કે—આપણું હૃદય કરુણાથી હીન છે, નિર્દય છે, નિષ્ઠુર છે, યાવત્ મહાકઠોર અને પાપી છે. દયાનો ઝરો

આપણા હૃદયમાં સતત વહેતો રહે તે માટે પણ અનુકંપા દાન ઇષ્ટ છે. સંતકવિ તુલસીદાસજી કહે છેઃ—

" दया धर्मको मूल है, पापमूल अभिमान ।
तुलसी दया न छांडिये, जब लग घटमें प्रान ॥ "

'ધર્મનું મૂળ દયા છે અને પાપનું મૂળ અભિમાન છે. તુલસીદાસ કહે છે કે-મનુષ્યના દેહમાં જ્યાં સુધી પ્રાણ હોય ત્યાં સુધી તેણે દયાને છોડવી ન જોઇએ.'

અભ્યાગતને ભિક્ષા, ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, બિમારને ઔષધ, અશિક્ષિતને વિદ્યા, સ્થાન-રહિતને આશ્રય અને અપંગ-અશક્ત-નિરાધારને દરેક પ્રકારની સહાય એ અનુકંપા દાનના મુખ્ય પ્રકારો છે; અને ખોડાં ઢોરની પાંજરાપોળો, કૂતરાને રોટલા, બોકડાને દૂધ, પારેવાને ચણ, માછલાં છોડાવવા તથ મૂંગા પ્રાણીઓ પ્રત્યે દર્શાવવામાં આવતું ઘાતકીપણું અટકાવવાના પ્રયાસો કરવા-એ તેમાંથી પાંગરેલી દયા સંસ્કૃતિનાં સુફળો છે. ભારતવર્ષમાં આ સંસ્કૃતિ ખૂબ ફાલી-ફૂલી છે અને તેમાં જૈન ધર્મનો હિસ્સો સહુથી મોટો છે.

જૈન શ્રીમંતોના દાનનો પ્રવાહ જ્ઞાતિ, જાતિ, લિંગ કે વયના ભેદ વિના સર્વ પ્રત્યે સમભાવથી વહેતો રહ્યો છે, એ વિષયમાં વસ્તુપાલ-તેજપાલ, જગડૂશાહ અને ખેમા હડાળિયાના જીવનપ્રસંગો પ્રમાણરૂપ છે.

વસ્તુપાલ-તેજપાલ ચુસ્ત જૈન હોવા છતાં સોમનાથ પાટણને દર વર્ષે દશ લાખ રૂપિયા મોકલતા અને કાશી, દ્વારિકા વગેરે સ્થળોમાં એક એક લાખ રૂપિયાની ભેટ ધરતા. વળી તેમણે

શિવાલયો અને મસ્જીદો ચણાવવા માટે પણ પૈસા આપ્યા હતા. તે ઉપરાંત વાવ, કૂવા અને તળાવો પણ બેસુમાર બંધાવ્યા હતા.

સંવત તેરસો ને પંદરની સાલ તથા તે પછીનાં બે વર્ષો ભારતવર્ષને માટે અતિ ભયંકર હતાં. ભીષણ દુકાળ સર્વત્ર વ્યાપી ગયો હતો અને લોકો અન્ન વિના માર્યાં માર્યાં ફરતા હતા. તે વખતે જૈન શ્રીમંત જગડૂશાહે પોતાના તમામ ધાન્ય-કોઠારો લોકોને માટે ખુલ્લા મૂકી દીધા હતા અને રાજરજવાડા-ઓને પણ લાખો મૂડા અનાજ ધીર્યું હતું, જેના પરિણામે પ્રજાનો મોટો ભાગ મૃત્યુના મુખમાં સપડાતો અટકી ગયો હતો અને દુકાળને સુખરૂપ તરી ગયો હતો. અને તે જ કારણે કોઈને મહાદાનીની ઉપમા આપવી હોય તો તેને જગડૂશાહ કહેવામાં આવે છે.

મહમ્મદ બેગડાના સમયમાં ગુજરાતભરમાં દુકાળ પડ્યો ત્યારે હડાળા ગામના ખેમા શ્રાવકે આખા ગુજરાતને બાર માસ ચાલે તેટલું અનાજ ખરીદવાના પૈસા એકી કલમે આપ્યા હતા અને એ રીતે ‘ શાહ ’ નામ સાર્થક કરી દયા–ધર્મનો અદ્ભુત પરિચય આપ્યો હતો. તાત્પર્ય કે–જૈન ધર્મ અભયદાન, જ્ઞાનદાન અને સુપાત્રદાનને ઉત્તમ કોટિનું માને છે. તેની સાથે અનુકંપાદાનનો પણ સ્વીકાર કરે છે અને ગૃહસ્થોને તેનો ખાસ અનુરોધ કરે છે. તેથી જ શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ ધર્મબિંદુમાં ગૃહસ્થ ધર્મના નિરૂપણ પ્રસંગે જણાવ્યું છે કે– ‘ देवातिथिदीनप्रतिपत्तिरिति । ( १–३९ ) ’ ગૃહસ્થે દેવ, અતિથિ (સાધુ) અને દીન જનોની સેવા કરવી. ’

અનુકંપાદાન એ બુદ્ધિનો વિષય નથી પણ લાગણીનો વિષય છે. એટલે તેનો વિચાર લાગણીના ઘડતરનો ખ્યાલ રાખીને જ કરવો જોઈએ, અનુકંપાદાનની પ્રથાથી મનુષ્યના હૃદયમાં અનુકંપાનો-દયાનો ઝરો વહેતો રહે છે. એ જ સહુથી મોટો લાભ છે કે જેના લીધે સૌજન્ય, ઔદાર્ય, સહનશીલતા આદિ બીજા પણ સદ્ગુણો વિકાસ પામે છે અને કોણ કહેશે કે આ ગુણો વિનાનું માનવજીવન એક પશુના જીવન કરતાં ચડિયાતું છે? એટલે મનુષ્યે મનુષ્ય બનવાની ખાતર પણ અનુકંપા દાનનો આશ્રય લેવાની જરૂર છે.

: ૩ :

# દાન દેવાની રીતિ

અભયદાન, જ્ઞાનદાન, ઉપષ્ટંભદાન (સુપાત્રદાન) અને અનુકંપાદાનની ઉપયોગિતા સમજ્યા પછી 'દાન દેવાની ઉત્તમ રીતિ કઈ છે?' તે સંબંધી કેટલીક વિચારણા કરીશું.

દાન દેવાનો અંતિમ હેતુ આત્મ-કલ્યાણ છે, એટલે જે દાન દેવાય તે—

૧ કર્ત્તવ્યબુદ્ધિથી
૨ પ્રસન્નતાપૂર્વક દેવું ઘટે છે.
૩ અને ગુપ્ત રીતે

## (૩૨) કર્ત્તવ્યબુદ્ધિ

વધારે સ્પષ્ટ કહીએ તો દાન દેનારે દાન દેતી વખતે એવો વિચાર કરવો જોઇએ કે 'હું જે દાન દઇ રહ્યો છું તે મારા પોતાના ભલાને માટે જ દઈ રહ્યો છું' પણ એવો

વિચાર ન કરવો કે 'આ દાન દઈને હું અન્ય પર મહાન્ ઉપકાર કરી રહ્યો છું' કારણ કે તેમ કરવાથી સૂતેલું અભિમાન સળવળે છે અને સામાની લઘુતા તથા પોતાની પ્રભુતા દિલમાં પ્રકટાવે છે, જે પતનનું એક મહાપગથિયું છે. આ જીવે કર્મને વશ થઇને ચોરાશી લક્ષ જીવયોનિમાં અનંતકાલ સુધી પરિભ્રમણ કરતાં કયા દારુણ દુઃખોનો અનુભવ કર્યો નથી? એટલે પુણ્યના સંયોગથી બે પૈસાની પ્રાપ્તિ થઈ કે સત્સાધનનો સુયોગ સાંપડ્યો તેટલા માત્રથી પોતાની જાતને મહાસુખી અને બીજાને દીન-હીન-પતિત માનવા તે કોઈ પણ રીતે ઉચિત નથી.

## (૩૩) ચિત્તની પ્રસન્નતા

દાન દેનારે દાન દેતી વખતે ચિત્તને પૂર્ણ પ્રસન્ન રાખવું ઘટે છે પણ ખેદ, કંટાળો, વિષાદ કે તિરસ્કાર દાખવવો યોગ્ય નથી. એ વિષયમાં શાસ્ત્રકારોનો અભિપ્રાય સ્પષ્ટ છે કે—

"अनादरो विलम्बश्च, वैमुख्यं विप्रियं वचः ।
पश्चात्तापश्च पञ्चामी, सद्दानं दूषयन्त्यलम् ॥"

અનાદર, વિલંબ, વિમુખતા, કઠોર વચન અને પશ્ચાત્તાપ ગમે તેવાં સારાં દાનને પણ અત્યંત દૂષિત કરે છે.

કેટલાક મનુષ્યો દાન દે છે પણ સામા પ્રત્યે જરાયે આદર દાખવતા નથી, એટલે પ્રથમ તો 'આવો', 'પધારો', 'બેસો' એવા સત્કારસૂચક શબ્દો બોલતા નથી, પણ 'તમે કોણ છો?' 'ક્યાંથી આવ્યા છો?' 'અહીં ક્યાંથી ટપકી પડ્યા?' વગેરે

અભિમાન અને તોછડાઈવાળા શબ્દો બોલે છે અને પછી સામો ઘણી આજીજી કરે અથવા કાકલૂદીઓ કરે ત્યારે થોડું આપે છે. આ રીતે દાન દેવાથી તેનું ફલ ઘણા અંશે ઓછું થઈ જાય છે. કેટલાક મનુષ્યો દાન દે છે પણ 'આજે નહિ કાલે આવજો,' 'કાલે નહિ પરમ દિવસે આવજો' અથવા 'પંદર દિવસ પછી મળજો' 'મહિના પછી મળજો' 'બે મહિના પછી મળજો' એમ અનેક વાયદા કર્યા પછી કંઈ પણ દાન દે છે એટલે તેની મજા મારી જાય છે. તેના સ્થાને દાન દેનારે શીઘ્ર દાન દેવું ઘટે છે અથવા સામાને ઓછામાં ઓછા ધક્કા પડે તેવી વૃત્તિ રાખવી ઘટે છે. કેટલાક મનુષ્યો દાન આપે છે પરંતુ સામાના દુઃખમાં સહાનુભૂતિ દર્શાવવાને બદલે એક પ્રકારની બેદરકારી કે તિરસ્કાર દર્શાવે છે. જેમ કે 'તમારું પીંજણ સાંભળ્યું. હવે ફરી વાર માથાકૂટ કરાવતા નહિ. આ જે કંઈ આપીએ છીએ તે લઈ જાઓ.' વગેરે. મનના આવા વલણથી પણ દાનનો રંગ ઘણા અંશે ઉતરી જાય છે. કેટલાક મનુષ્યો દાન દે છે પણ દાન દેનાર પ્રત્યે અતિ કઠોર ભાષાનો ઉપયોગ કરે છે. જેમ કે—

'તમે કંઇ કામધંધો કરતા નથી અને હરામનું ખાવાની ઇચ્છા રાખો છો' 'તમારા જેવા પ્રમાદીને ઉત્તેજન આપવાથી ફાયદો શું?' 'તમે મૂર્ખ છો' 'તમે બેવકૂફ છો.' 'તમારામાં અક્કલ નથી.' 'ફરી અમારો ઉંબરો ચઢશો નહિ.' જ્યારે કેટલાક મનુષ્યો દાન દીધા પછી પશ્ચાત્તાપ કરે છે કે–'મેં આ દાન શા માટે દીધું? ન દીધું હોત તો ન ચાલત? હું ખાલી લાગણીના આવેશમાં જ તણાઈ ગયો.'

વગેરે. તેથી જ શાસ્ત્રકારોએ અનાદર, વિલંબ, વિમુખતા, કઠોર વચન અને પશ્ચાત્તાપને સદ્દાનનાં દૂષણરૂપ માનેલાં છે.

## ( ૩૪ ) ગુપ્તતા

દાન દેનારે બને તેટલું ગુપ્તદાન દેવું પણ ઢંઢેરો પીટીને કે જાહેરાત કરીને દાન દેવું નહિ, કારણ કે તેમ કરવાથી કીર્તિની કામના પોષાય છે અને વસ્તુ પ્રત્યેનો સદ્ભાવ તથા આત્મહિત ગૌણ બની જાય છે. પોતાના નામનું પાટિયું લાગે, તખતી ચોટે, શિલાલેખ કોરાય કે છબીઓ મૂકાય અથવા છપાય એવી શરતે અમુક રકમ આપવી તે સ્પષ્ટ રીતે એક પ્રકારનું વ્યાપારી સાટું કે જાહેરાતનો કબાલો છે, તેથી તેનો સમાવેશ દાનમાં થઈ શકે નહિ. આમ છતાં આ પ્રકારનો વ્યવહાર આજે મોટા પ્રમાણમાં ચાલી રહ્યો છે અને તેને દાનનું નામ અપાઈ રહ્યું છે, જે ખરેખર, એક શોચનીય વસ્તુ છે! સર્વથા દાન ન કરવાવાળાની અપેક્ષાએ ભલે આવું કીર્ત્તિદાન ઠીક મનાય, પણ આત્માના કલ્યાણ માટે તો એવું દાન કોઇ રીતે ઉચિત ન જ લેખાય.

જ્યાં દાન એક વ્યાપારી સાટાનું રૂપ લે અથવા કીર્તિની કમાવત કરવાનું સાધન બની જાય ત્યાં ઓછાં પૈસે વધારે લાભ લેવાની વૃત્તિ સતેજ બને તે સ્વાભાવિક છે અને તેથી સાચાં અને સાત્ત્વિક દાનો ઘટી જાય તે નિશ્ચિત છે.

વધારે અફસોસની વાત તો એ છે કે–જે સંસ્થાઓ પ્રજાને સુસંસ્કારો આપવા માટે સ્થપાયેલી છે, તેઓ જ દાનના નામે વ્યાપારી સાટાઓની યોજનાને આગળ ધપાવી રહી છે

અને આર્યમહર્ષિઓએ ઉપદેશેલા દાનના આદર્શને છેક જ નીચો ઉતારી રહી છે.

અહીં એવો પ્રશ્ન પૂછાવાનો સંભવ છે કે 'જ્યાં નિત્ય નાણાંની જરૂર હોય ત્યાં સંસ્થાઓ બીજું શું કરી શકે?' તેનો ઉત્તર એ છે કે 'સંસ્થાઓએ માત્ર દાન પર નહિ નભતાં સ્વાશ્રયી થવાનો પ્રયત્ન કરવો જોઈએ અને જે કંઇ દાન મેળવવું પડે તે હલકી વૃત્તિઓને ઉત્તેજન આપીને નહિ પણ દાનની એક પ્રતિષ્ઠિત ધર્માંગ તરીકે ખ્યાતિ કરીને મેળવવું જોઇએ.'

## (૩૫) ચિત્તશુદ્ધિ.

દાન દેનારે પાત્ર અને વિત્તની પવિત્રતાની જેમ ચિત્તની પવિત્રતા–ચિત્તની શુદ્ધિ પર પણ પૂરતું લક્ષ્ય આપવાની જરૂર છે. એરણની ચોરી કરવી અને સોયનું દાન દેવું એ વાસ્તવિક રીતે દાન નથી. તેમ જ અમુક માણસોને લૂંટીને કે રંજાડીને પૈસા ભેગા કરવા અને તેનું ગરીબોને દાન કરવું એ પણ વાસ્તવિક રીતે દાન નથી, કારણ કે તેના મૂળમાં ભારોભાર અનીતિ રહેલી છે અને જ્યાં અનીતિ હોય ત્યાં કોઇ પણ પ્રકારનો ધર્મ સંભવતો નથી.

અનીતિથી પેદા કરેલ ધનનું અન્યને દાન કરવાથી તેની બુદ્ધિ પણ ભ્રષ્ટ થાય છે. દાખલા તરીકે એક નદીના કિનારે એક બાવાજી સમાધિ લગાવીને બેઠા હતા અને પરમાત્માનું ધ્યાન ધરતા હતા. ત્યાં કોઈએ આવીને એક સોનામહોર તેમની આગળ ધરી. આ સોનામહોર અનીતિના રસ્તે મેળવેલી હતી, એટલે થોડી વારે બાવાજીની આંખ ખુલ્લી અને તેમની નજરે

સોનામહોર પડી કે તેમની વિચારસૃષ્ટિમાં અજબ પરિવર્તન થવા લાગ્યું. તેમને થયું કે મેં આજ સુધી ઘણી તપશ્ચર્યા કરી, ઘણી પ્રભુભક્તિ કરી પણ સંસારનું સાચું સુખ માણ્યું નહિ; માટે આજે તો શહેરમાં જાઉં અને આ સોનામહોર આપીને કોઇ વેશ્યાનો સંગ કરું. પછી તે બાવાજી શહેરમાં ગયા અને વેશ્યાનો સંગ કરીને લાંબા સમયની તપશ્ચર્યાથી ભ્રષ્ટ થયા. કહેવાની મતલબ એ જ છે કે–દેવા યોગ્ય દાન શુદ્ધ ન હોય તો લેનારની બુદ્ધિમાં ફેરફાર થાય છે, માટે દાતાએ ન્યાયોપાર્જિત શુદ્ધ દ્રવ્યવડે દાન કરવાની ભાવના રાખવી.

## ( ૩૬ ) ઉપસંહારઃ—

દાન એ ધર્મનું પ્રથમ અંગ છે તથા વ્યક્તિના વિકાસનું, સમાજની સુવ્યવસ્થાનું, રાષ્ટ્રના ઘડતરનું અને વિશ્વભરમાં શાંતિની સમતુલા જાળવવાનું અમોઘ અસ્ત્ર છે, તેથી તેનો વ્યવહાર સર્વ રીતે સમુચિત છે. માટે જ આપ્તપુરુષોનો આદેશ છે કે–' હે ભવ્યજનો ! તમે **દેતાં શીખો,** હે મહાનુભાવો ! તમે **દેતાં શીખો !** જો દેતાં શીખશો તો જગત્‌ની સર્વ સમૃદ્ધિ તમારાં ચરણે ઢળશે, સુરલોકની સર્વ સાહ્યબી તમારી પછવાડે પડશે અને અર્હત્ તીર્થંકર જેવું ઉત્તમોત્તમ પદ તમારી સમક્ષ આવીને ઊભું રહેશે. '

# -: તુરત ગ્રાહક બનો :-

## સહુ કોઇ સમજી શકે તેવી શૈલી અને ભાષામાં તૈયાર થએલી

### સહુ કોઈને વાંચવી ગમી જાય તેવી ધર્મબોધ ગ્રન્થમાળાનાં ૨૦ પુસ્તકોના ગ્રાહક બની જાવ.

જૈન ધર્મના ઉચ્ચ સિદ્ધાન્તો અને તેના આચારોને સુંદર ઢબે સમજાવતી, હરકોઇને ઉત્તમ જીવન જીવવામાં અતિ ઉપયોગી લગભગ એંસી એંસી પાનાની, આકર્ષક પુસ્તિકાઓ ૧ થી ૧૦ ની સંખ્યામાં બહાર પડી ગઈ છે. જેનાં નામ અનુક્રમે:—

૧ ત્રણ મહાન તકો, ૨ સફળતાની સીડી, ૩ સાચું અને ખોટું (સ્યાદ્વાદ) ૪ આદર્શ દેવ, ૫ ગુરુ દર્શન, ૬ ધર્મામૃત, ૭ શ્રદ્ધા અને શક્તિ, ૮ જ્ઞાનોપાસના, ૯ ચારિત્ર વિચાર, ૧૦ દેતાં શીખો, એ છે.

હવે બાકીની ૧૦ પુસ્તિકાઓ શીલ, તપ, ભાવ, ધ્યાન, યોગ વગેરે વિષયો ઉપરની બહાર પડનાર છે.

આ ગ્રન્થમાળા ધર્મ પ્રચારાર્થે, હજારો રૂપીઆની ખોટ સહન કરીને સસ્તી કીંમતે ધર્મ સેવા બજાવે છે તો જુદા જુદા વિષયો ઉપર લખાએલી આકર્ષક છપાઇ, દ્વિરંગી કલાત્મક ટાઇટલ, કુલ ૧૬૦૦ પાનાનું વાંચન, છતાં પોસ્ટેજ સાથે રૂા. ૧૨ માં ગ્રાહક થવા લખો:-

છુટક પુસ્તકો પણ મળી શકશે.

-: ગ્રાહકો થવાનાં તથા પુસ્તક મેળવવાનાં ઠેકાણાં :-

| | |
|---|---|
| શા. લાલચંદ નંદલાલ | સી. શાંતિલાલ શાહની કું. |
| ઠે. રાવપુરા ઘીકાંટા–વડોદરા | ઠે. ૮૬, પ્રિન્સેસ સ્ટ્રીટ–મુંબઇ |
| સરસ્વતી પુસ્તક ભંડાર | મેઘરાજ જૈન પુસ્તક ભંડાર |
| ઠે. રતનપોળ હાથીખાના, | ઠે. ગુલાલવાડી ગોડીજીની ચાલ નં. ૧ |
| અમદાવાદ | મુંબઇ |